કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595

સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૧ એપ્રિલ, ૨૦૨૫ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

-: મુકેશભાઈ ગોર :-

90990 79342, 98790 41665


૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૭૮ ◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ચૈત્ર વદ-૮◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


### ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષમાં યુવા ચહેરાને તકની ઉજળી સંભાવના

# ભાજપના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંકનું કાઉન્ટડાઉન

## સીએમ ભુપેન્દ્ર પટેલ એકાએક દિલ્હી પહોંચ્યા



**ગુજરાત પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત પહેલા સુચક હલચલ : રાષ્ટ્રીય નેતૃત્વ સાથે સીએમ કરી શકે છે મુલાકાત**

ગાંધીનગર : દેશ સાથોસાથ જ ગુજરાતના રાજકારણમાં પણ કોઈ મોટા ફેરફારોને લઈને હલચલ ચાલી રહી છે. દરમ્યાન જ મળતી માહીતી અનુસાર ગુજરાત રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ આજ રોજ દિલ્હી પહોચ્યા છે. રાજયમાં પ્રદેશ

અનુસંધાન પાના નં.૪ પર

## આગામી ટૂંક સમયમાં ગુજરાતને મળશે નવા પ્રદેશ પ્રમુખ

ગાંધીનગર: ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ ની નિમણૂંક અંગેનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. આગામી ટૂંક સમયમાં પ્રભારી ગુજરાતના પ્રવાસે આવશે અને ભાજપના નવા પ્રદેશ પ્રમુખના નામ અંગે સેન્સ પ્રક્રિયા હાથ ધરી ને નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યા બાદ પ્રદેશ પ્રમુખ પદની જવાબદારી માંથી મુક્ત કરવા માટે ભાજપ મોવડી મંડળ સમક્ષ તેમણે રજૂઆત કરી હતી. પ્રદેશ ભાજપ ના નવા પ્રમુખની પસંદગીની પ્રક્રિયા લાંબા સમયથી વિલંબમાં પડી છે જો કે હવે ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૬મા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવનારી છે તેમજ ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી આવનારી છે ત્યારે ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક કરવા માટે નું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક કરવા માટે મોવડી મંડળે પણ હવે સક્રિય પણે વિચારણા હાથ ધરી ને કવાયત શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવે આગામી ટૂંક સમયમાં જ પ્રદેશ પ્રમુખ ની પસંદગી માટે ભાજપ હાઈકમાન્ડે નિમેલા

અનુસંધાન પાના નં.૪ પર

## સેટેલાઈટ લોન્ચપેડ માટે ઈસરો દ્વારા કચ્છ-ધોલેરાની પસંદગી

**કેન્દ્ર - રાજય સરકાર, ઇસરો અને અન્ય સંબંધિત રાષ્ટ્રીય સ્તરની એજન્સીઓના સીધા માર્ગદર્શન હેઠળ તમામ કામગીરી હાથ ધરશે : ભવિષ્યમાં અવકાશ સંશોધન, સંદેશાવ્યવહાર અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોના લોન્ચિંગ સહિતની હાથ ધરાશે કામગીરી**

ગાંધીનગર: ઈસરો અને પીઆરએલ જેવી અગ્રણી અવકાશ સંશોધન સંસ્થાઓ દ્વારા અવકાશ પ્રક્ષેપણ પ્રવૃતિ માટે ગુજરાતના કચ્છ અને ધોલેરા જેવા સ્થળો પર નજર દોડાવી છે. ગયા અઠવાડિયે જાહેર કરાયેલ સ્પેસટેક નીતિમાં કલ્પના મુજબ, ભવિષ્યના અવકાશ પ્રક્ષેપણ પ્રવૃત્તિઓ માટે સ્પ્રિંગબોર્ડ તરીકે કાર્ય કરવા માટે એક લોન્ચપેડ સ્થાપિત કરવા માંગે છે. રાજ્ય સરકારના ટોચના અધિકારીઓએ જણાવ્યું હતું કે કચ્છ અને ધોલેરાને લોન્ચપેડ માટે યોગ્ય સ્થળો તરીકે ઓળખવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના મુખ્ય સૂત્રોએ જણાવ્યું હતું કે, સરકારનો ઉદ્દેશ્ય રાજ્યમાં યોગ્ય સ્થાન પર એક લોન્ચપેડ સ્થાપિત કરવાની સુવિધા આપવાનો છે. જેથી ભવિષ્યમાં સંદેશાવ્યવહાર અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો, અવકાશ પ્રવાસન વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય. વિવિધ સ્થળોના પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, કચ્છ અને ધોલેરા લોન્ચપેડ સુવિધા માટે યોગ્ય સ્થાનો જણાયા છે. સેટેલાઈટ લોન્ચપેડ એક અત્યંત વિશિષ્ટ ક્ષેત્ર છે અને તેમની કામગીરી કડક નિયમો દ્વારા સંચાલિત હોવાથી, રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર, ઈસરો અને અન્ય સંબંધિત રાષ્ટ્રીય સ્તરની એજન્સીઓના સીધા માર્ગદર્શન હેઠળ તમામ કામગીરી હાથ ધરશે. ગુજરાતમાં સેટેલાઈટ લોન્ચપેડ રાખવાની સુવિધા મહત્વ મેળવે છે કારણ કે ઈન-સ્પેસ (ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર) પણ અમદાવાદમાં સ્થિત છે. ઈન-સ્પેસ એ ભારત સરકારના અવકાશ વિભાગ હેઠળની એક સિંગલ-વિન્ડો સ્વાયત્ત એજન્સી છે. તે

અનુસંધાન પાના નં.૪ પર

## ભારતની ચુંટણી પ્રણાલીમાં ગંભીર સમસ્યા : રાહુલ ગાંધી

નવી દીલ્હી : ભારતીય સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અમેરિકાના બોસ્ટન પ્રવાસે છે અને અહીં તેમણે બ્રાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે એક સત્રમાં ભાગ લીધો હતો તેમજ સંબોધન કર્યું હતું.

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આ તકે મહારાષ્ટ્ર ચૂંટણીનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે દેશની ચૂંટણી પ્રણાલીમાં 'ગંભીર સમસ્યા' છે. તેમણે કહ્યું કે અમે એ બાબતે ખુબ સ્પષ્ટ છીએ કે ચૂંટણી પંચ સાથે ચેડા કરવામાં આવ્યા છે.સિસ્ટમમાં કંઈક ખૂબ જ ખોટું છે. અમે આ જાહેરમાં કહ્યું છે. તેમણે કહ્યું, મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરનારા યુવાનોની સંખ્યા મતદારોની સંખ્યા કરતા વધુ છે. આ એક હકીકત છે. ચૂંટણી પંચે અમને સાંજે ૫:૩૦ વાગ્યા સુધીના મતદાનના ડેટા આપ્યા હતા અને ૫:૩૦ થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે, જ્યારે મતદાન બંધ થવું જોઈતું હતું, ત્યારે ૬૫ લાખ મતદારોએ મતદાન કર્યું. હવે, આ અશક્ય છે, ખરું ને? કારણ કે એક મતદારને મતદાન કરવામાં લગભગ ૩ મિનિટ લાગે છે અને જો તમે ગણતરી કરો છો, તો તેનો અર્થ એ થશે કે મતદારો સવારના ૨ વાગ્યા સુધી કતારોમાં હતા અને તેઓ આખી રાત મતદાન કરતા રહ્યા, જે શક્ય નથી. આથી ચોક્કસપણે લાગે કે કશુક ખોટું તો છે જ.રાહુલ ગાંધીએ આગળ કહ્યું, "તો અમે તેમને પૂછ્યું કે શું વીડિયોગ્રાફી થઈ રહી છે.






## રાજયમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે સાંજથી ખરીદીનો પ્રારંભ કરાશે

**કૃષિ મંત્રી રાઘવજીભાઈ વર્ચ્યુઅલી જોડાઈને ચણાની ટેકાના ભાવે ખરીદીની શરૂઆત કરાવશે**

ગાંધીનગર: ગુજરાતમાં આજ થી ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી શરુ કરવામાં આવનાર છે. રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ આજે સાંજે ચાર વાગે વર્ચ્યુલી જોડાઈને ચણા અને રાયડાના પાકોને ટેકાના ભાવે ખરીદી નો પ્રારંભ કરાવશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ખેડૂતો નિશ્ચિંત થઈને વિવિધ પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. ચણા અને રાયડાની ખરીદી ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની



રવિ સીઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦

અનુસંધાન પાના નં.૪ પર

## કાશ્મીરના રામબનમાં ગુજરાતના પ્રવાસીઓ સુરક્ષિત

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર: જમ્મુ-કાશ્મીરના રામબનમાં વાદળ ફાટવાને કારણે ભૂસ્ખલનની ઘટના બની છે, જેમાં ગુજરાતના ગાંધીનગર અને બનાસકાંઠાના પ્રવાસીઓ ફસાયા હોવાની માહિતી મળતા જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને જરૂરી પગલાં લેવા સૂચના આપી છે. ગુજરાત પોલીસે તાત્કાલિક જમ્મુ-કાશ્મીર પોલીસ કંટ્રોલ રૂમ અને રામબન એસ.એસ.પી. સાથે સંપર્ક કરી પ્રવાસીઓની માહિતી મેળવી છે. તમામ ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત છે.પ્રવાસીઓ માટે જમવા સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.

ગુજરાત પોલીસ સેન્ટ્રલ આઈ.બી. સહિત જમ્મુ-કાશ્મીર પ્રશાસન સાથે સતત સંપર્કમાં છે. ગુજરાત સરકાર અને પોલીસે તાત્કાલિક જમ્મુ કાશ્મીર પ્રશાસનના સંપર્કમાં રહી ગુજરાતના પ્રવાસીઓની સલામતી સુનિશ્ચિત કરી છે.

## ભારત-અમેરીકાના સંબંધ વધુ મજબુત બનશે




**ટેરિફ જંગ વચ્ચે ભારતના જમાઈનું દિલ્હીના એરપોર્ટ પર ભવ્ય સ્વાગત : અમેરીકાના ઉપરાષ્ટ્રપતિ બન્યા પછી વાન્સની ભારતની પહેલી સત્તાવાર મુલાકાત : જે ડી વેન્સ સહપરીવાર પહોંચ્યા ભારત : વિમાનીમથકે અપાયુ ઉષ્માભેર સ્વાગત**

નવી દીલ્હી : અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બન્યા પછી વાન્સની આ પહેલી સત્તાવાર મુલાકાત છે. હાલ ટ્રમ્પ સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા ટેરિફ વચ્ચે તેમની ભારતની આ મુલાકાતમાં ઘણા મુદ્દાઓ પર ચર્ચા થશે. પ્રેસિડન્ટ જેડી વાન્સ ભારત મુલાકાતે તેમના ભારતીય મૂળના પત્ની ઉષા અને ૩ બાળકો પુત્રો ઈવાન અને વિવેક અને પુત્રી મીરાબેલ સાથે જયપુર અને આગ્રાના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે તો ચાર દિવસના કાર્યક્રમમાં મુખ્યત્વે સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.જેડી વાન્સ અને પીએમ મોદી વચ્ચેની ચર્ચા ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પારસ્પરિક ટેરિફને અંતિમ સ્વરૂપ આપવા બાબત પર રહેશે તેવી અપેક્ષા છે. જે હાલમાં જુલાઈ સુધી મુલતવી રાખવામાં આવ્યું છે. બંને નેતાઓ બંને દેશો વચ્ચેના સંબંધોના એકંદર માર્ગને વેગ આપવાના માર્ગો પણ શોધશે. બંને દેશો ભારત-અમેરિકા વેપાર મુદ્દાઓ જેમાં ટેરિફ અને બજાર એક્સેસનો સમાવેશ થાય છે. તેને ઉકેલવા માટે દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. ભારતની એક ટીમ આ મહિનાના અંતમાં વોશિંગ્ટન ડીસીની મુલાકાત લઈને યુએસ અધિકારીઓ

અનુસંધાન પાના નં.૪ પર



# શિક્ષા હી જીવન હૈ : પ્રભાત પબ્લિક સ્કૂલનો સૂત્ર




**આ શાળા બાળકોના સર્વાંગી વિકાસને અનુરૂપ થઈને શાળાઓમાં અનેક કાર્ય કરે છે શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ થાય તે ધ્યાનમાં લઈને શાળા તે કાર્યરત છે બાળકો શિક્ષકો સાથે તન્મયતાથી વાતચીત કરી શકે છે ખુલ્લા મને નિખાલસતાથી પોતાના પ્રશ્નો ઉકેલી શકે છે આ રીતે આ વિદ્યાલય પ્રભાત પબ્લિક સ્કૂલ સેક્ટર સાત ગાંધીધામમાં કાર્ય કરે છે**

ગાંધીધામ : પ્રભાત પબ્લિક સ્કૂલ અંગ્રેજી ઓર હિન્દી માધ્યમ જે શ્રી રામદેવ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે સેક્ટર- ૭ ગાંધીધામમાં હાઈસ્કુલ ૨૦૦૬થી કાર્યરત છે ત્યાં નર્સરીથી લઈને દસમા ધોરણ સુધી શિક્ષા આપવામાં આવે છે મુખ્ય બાબત એ છે કે આ વિદ્યાલયમાં એફઆરસી લેટરના ફીશ અનુસાર ૩૦% ઓછી ફીસ લઈને બાળકોને ભણાવી તેમનું ભવિષ્ય બનાવે છે.

વિદ્યાલય પ્રાણ સીસીટીવીના નિરીક્ષણમાં છે પુસ્તકાલય આધુનિક કમ્પ્યુટર પ્રયોગશાળા વેનની આવાગમનની સુવિધાઓ આ શાળા વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમો યોજે છે તેથી બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈને રમતગમત કાર્ડ મેકિંગ રંગોલી કોમ્પિટિશન નિબંધ પ્રતિયોગિતા અલગ અલગ તહેવારોને ધ્યાને લઈ અલગ અલગ કાર્યક્રમો યોજે છે તેથી બાળકોમાં સર સંભાવના કેળવણી થાય અને અંધપુરા વસ્ત દરમિયાન બાળકોને વાર્ષિકોષોમાં પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રકારના પારિતોષિક આપી તેમને ઉત્સાહિત કરવામાં આવે છે.આ શાળાનું સૂચન છે કે શિક્ષા હી જીવન હૈ.

KEY FOR SUCCESS
PRABHAT PUBLIC SCHOOL
A Co-Education School of English and Hindi Medium
Managed By: Shri Ramdev Education & Medical Trust (Reg. No: F-1357)
Plot No. 72-73-74, Sec-7, Gandhidham - Kutch
Mobile: 9427227164, 8200569710
Nursery, LKG, UKG, 1st to 10th
Admission OPEN 2025-26
Hurry
School Facilities
• Experienced and Trained Teachers
• Audio-Visual Learning
• Creative & Well-Structured Curriculum Plan
• Easy & Safe Transportation
• Value Based Educational Activities
• Extra Curricular Activities
• CCTV Surveillance with Security
• Advanced Library & Computer Labs
• Individual Attention for Special Needs Students

# બાળકોના શૈક્ષણિક શ્રેષ્ઠતા સર્વાંગી વિકાસ માટે એક માત્ર ગાંધીધામની શાળા મોર્ડન સ્કૂલ

ગાંધીધામ : તમારા બાળકના શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવી અહીંની શાળા મોર્ડન સ્કૂલ છેલ્લા ૬૮ વર્ષથી કાર્યરત છે અને ગાંધીધામ શહેરની પ્રથમ ઈંગ્લિશ મીડિયમમાં ભણાવતી એક માત્ર શાળા છે. તેમાં ૨૦૨૫ ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લેવા માટે આમંત્રણ પાઠવે છે.

મોર્ડન સ્કૂલમાં બાળકોને પ્રેમ અને નૈતિક મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે સારી વ્યક્તિઓને પ્રોત્સાહન આપવા માટે રમતગમત, કળા, ચર્ચાઓ, વિજ્ઞાન અને વિવિધ ઉજવણીઓ પ્રસ્તૂતિઓનો સમાવેશ કરવામાં આવે છે જે બાળકોના સર્વાંગી વિકાસના ધ્યેયને સમર્થન આપે છે. શાળા તમારા બાળકની રૂચિઓ અને પ્રતિભાઓને ઉછેરવા માટે અભ્યાસસેતાર પ્રવૃત્તિઓની શ્રેણીનો સમાવેશ તથા સમૃદ્ધ શિક્ષણની સાથે પર્યાવરણમાં પુસ્તકાલ્ય, કોમ્પ્યૂટર લેબ, ઈન્ડોર ગેમ્સ રૂમ અને રમતગમતના મેદાનોનો સમાવેશ થાય છે. શાળાનો ઉદેશ એ છે કે, પર્યાવરણને કેળવીએ જ્યાં વિદ્યાર્થીઓ જવાબદારી વિકસાવે અને વૈશ્વિક નાગરિકોમાં વૃદ્ધિ પામે તેવું શિક્ષણ આપવામાં આવે છે. એક સહાયક અને સશક્ત સમુદાય બનાવવાનું છે. જે મજબૂત મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. આમ, આ શાળામાં બાળકોને દાખલ કરવાથી તેમની શારીરિક, માનસિક દષ્ટીએ ખુબ વિકાસ થાય છે. વર્ષ ૨૦૨૩-૨૪ મા ધો.૧૨ મા બે વિદ્યાર્થીની શેઠ અંશીએ એવન ગ્રેડમાં ૯૮.૯૬ અને બંસલ આદિતીએ ૯૮.૭૭ ટકા માર્કસ મેળવ્યા હતા. જ્યારે ધો.૧૦ મા સથવારા માહીએ એ વન ૯૯.૫૩, સશીયા નિકુંજ એવનમાં ૯૮.૯૯ ટકા, મોતીરામણી કાર્તિક એવન ગ્રેડમાં ૯૯.૦૯ ટકા, કરમ ચંદાણીએ એવન ગ્રેડમાં ૯૮.૮૨ ટકા, ઝા આયુષ કુમારે એવન ગ્રેડમાં ૯૮.૨૭ ટકા, થકવાણી કબીર એવન ગ્રેડમાં ૯૭.૯૫, પોલ મોનિકા એવન ગ્રેડમાં ૯૭.૮૫ ટકા, નાથ કિંજલ એવન ગ્રેડમાં ૯૭.૫૧ ટકા માર્કસ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

MODERN SCHOOL
A SCHOOL WITH ACADEMIC AND CO- CURRICULAR EXCELLENCE
OLDEST ENGLISH MEDIUM SCHOOL OF THE TOWN (SINCE 1959)
LIGHT MORE LIGHT MODERN SCHOOL GANDHI DHAM
GSEB Affiliated (Nursery to Std XII-Commerce)
Shining Stars of Std XII (2023-24)
Sheth Anshi Grade A1 (98.96)
Bansal Aditi Grade A1 (98.77)
Shining Stars of Std X (2023-24)
Sathwara Mahi Grade A1 (99.53)
Sasiya Nikunj Grade A1 (98.99)
Motiramani Kartik Grade A1 (98.9)
Karamchandani Trisha Grade A1 (98.82)
Jha Ayush Kumar Grade A1 (98.27)
Thakwani Kabir Grade A1 (97.95)
Paul Monika Grade A1 (97.85)
Nath Kinjal Grade A1 (97.51)
KEY FEATURES :- ▪ ACADEMIC AND CO CURRICULAR ACTIVITIES
▪ TRIO WINGS ▪ SKILL & PERSONALITY DEVELOPMENT
▪ QUALITY EDUCATION ▪ CELEBRATIONS (Festival, Cultural & Sports)
ADMISSION OPEN 2025-2026

# સંસ્કારીક ઉત્તમ શિક્ષણ પ્રાપ્તિનું સ્થળ એટલે લુણંગધામ શાળા







મુંદરા : શ્રી અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત અખિલ મહેશ્વરી સમાજની સૌપ્રથમ શાળા મુંદરા તાલુકાના લુણીના લુણંગધામ ખાતે આવેલ છે.

લુણંગધામ પ્રાથમિક શાળા, લુણંગધામ ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને લુણંગધામ કુમાર છાત્રાલયમાં શિક્ષણ માટે અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. હાલે ધો.૧ થી ૧૨ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. આ શાળાઓમાં સુવિધા સજ્જ શાળા સંકુલ, સ્વચ્છ અને કુદરતી વાતાવરણમાં બાળકોને સંસ્કારીક ઉત્તમ શિક્ષણ તજજ્ઞ શિક્ષકો દ્વારા અપાય છે. સીસીટીવી કેમેરા, બાળકો માટે બસની વ્યવસ્થા, સ્વચ્છ હવા ઉજાસવાળા વર્ગખંડ, સુસજ્જ કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, પ્રયોગશાળા, પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ, ઈન્ટરનેટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળામાં સમયાંતરે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ- પર્યટન, રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. કુમાર છાત્રાલયમાં ધો. ૬ થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતા બાળકોને પ્રવેશ અપાય છે. રહેવા અને જમવાની ઉત્તમ વ્યવસ્થા છે. તેમજ બાળકો માટે ટ્યુશનની અલગ વ્યવસ્થા પણ છે. પ્રોફેસર ડો. લાલજીભાઈ ફફલના માર્ગદર્શન હેઠળ તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મુંદરા તાલુકામાં અત્યાધુનિક સુવિધા સજ્જ શાળામાં લુણંગધામ શાળાનું નામ મોખરે ગણાય છે. ટ્રસ્ટમાં પ્રમુખ કિશોર પીંગોલ, મહામંત્રી લાલજીભાઈ ફફલ, ખજાનચી ખેતશીભાઈ નંજાર અને ટ્રસ્ટી મંડળ દ્વારા બાળકોના શિક્ષણક્ષેત્રે સુવિધાઓનો વિકાસ કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરાઈ છે. શાળામાં પ્રવેશ મેળવવા આચાર્ય રાજેશ્વર મતિયા, રામસીભાઈ બામણીયા, છાત્રાલયમાં પ્રવેશ માટે ગૃહપતિ મો. ૯૭૨૭૬ ૫૫૮૮૫નો સંપર્ક કરવા જણાવાયું છે.

શ્રી અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત
અખિલ મહેશ્વરી સમાજની સૌપ્રથમ શાળા
શ્રી લુણંગધામ પ્રાથમિક શાળા | શ્રી લુણંગધામ ઉચ્ચત્તર માધ્યમિક શાળા | શ્રી લુણંગધામ કુમાર છાત્રાલય
પ્રવેશ ચાલુ
ધોરણ ૧ થી ૧૨ પ્રવેશ ચાલુ છે.
અમારી શાળાની વિશેષતાઓ
• અત્યાધુનિક સુવિધાઓ થી સજજ બિલ્ડીંગ
• સંપુણ સ્વચ્છ અને કુદરતી વાતાવરણ વચ્ચે સંસ્કારીક ઉતમ શિક્ષણ
• સીસીટીવી કેમેરા દ્વારા સમગ્ર કેમ્પસનું સતત નિરિક્ષણ
• શાળાની ૨૦ કીમીની ત્રિજયામાં બાઈકોને આવવા જવા માટે બસની સગવડ
• સંપૂર્ણ હવા-ઉજાસ તથા સ્વચ્છ વર્ગખંડો
• સુસજજ કમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, પ્રયોગશાળા તથા પ્રોજેકટર દ્વારા શિક્ષણ
• ઈન્ટરનેટ યુકત કમ્પ્યુટરો
• સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વાર્ષિકોત્સવ, રમતોત્સવ, પ્રવાસ-પર્યટન, આંતરિક શકિત ઉદ્ધીકરણ માટેની પ્રવૃતિઓ
• વાલીઓને સમયાંતરે સતત માર્ગદર્શન આપતી વાલી મીટીંગનું આયોજન
• અનુભવી અને તાલીમબદ્ધ શિક્ષકગણ
• વધુમાં વધુ ગુણવતાવાળું શિક્ષણ અને સારૂ પરિણામ એજ અમારૂ ધ્યેય.
રાજેશ્વર મતિયા આચાર્યશ્રી
રામસીભાઈ બામણીયા ઉપઆચાર્ય અને ગૃહપતિ
અન્ય સુવિધા • વિશાળ પાર્ટી પ્લોટ (લગ્ન તથા અન્ય પ્રોગ્રામ માટે ભાડેથી મળશે) • વિશાળ ગાર્ડન • મ્યૂઝિયમ • અતિથિભવન • રમત-ગમત માટે વિશાળ મેદાન
કુમાર છાત્રાલયની વિશેષતાઓ
• ધોરણ ૬ થી ૧૨ સુધી છાત્રાલયમાં પ્રવેશ
• અત્યાધુનિક સુવિધાઓ થી સજજ સંકુલ
• જમવા રહેવાની ઉતમ સગવડ
• પૌષ્ટિક શુદ્ધ શાકાહારી ભોજનની સગવડ
• ટ્યુશનની અલગ વ્યવસ્થા
વધુ માહિતી માટે સંપર્ક કરો
રાજેશ્વર મતિયા (આચાર્યશ્રી) M. 99139 94980
ગૃહપતિશ્રી M. 97276 55885
વાલજીભાઈ ફફલ M. 98253 48567
પચાણભાઈ ડોરૂ M. 94264 73217
પ્રોફેસર ડો.લાલજીભાઈ ફફલ સાહેબના સતત માર્ગદર્શન હેઠળ ચાલતી શૈક્ષણિક પ્રવૃતિઓ
- આજે જ આપણા બાળકના ઉજજવળ ભવિષ્ય માટે પ્રવેશ મેળવો...
- ધો.૧માં આવતા બાળકોના સરકારશ્રીની યોજના હેઠળ આર.ટી.ઈ. માં ફોર્મ ભરી શકાશે જે પ્રાઈવેટ સ્કુલમાં ધોરણ ૧ થી ૮ની સ્કુલ ફીમાં માફી મળશે વધુ માહિતી માટે આજે જ શાળાની મુલાકાત લો.
- ધોરણ ૧ થી ૧૨ માં ડીઝીટલ સિસ્ટમથી સજ્જ. - વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બસની સુવિધા.
કિશોરભાઈ પીંગોલ પ્રમુખશ્રી M. 9879194509
ખેતશીભાઈ નંજાર ખજાનચીશ્રી M. 9426997063
પ્રો.લાલજીભાઈ ફફલ મહામંત્રીશ્રી M. 9825655897
સ્થળ: લુણંગધામ, ગામ: લુણી, તા. મુંદરા-કચ્છ.

# શિક્ષણની સાથે ઈત્તર પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થીઓને સફળતા શિખરો સર કરાવતી ગાંધીધામની એસ પોદાર શાળા

## શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા






ગાંધીધામ : અહીં આવેલી એક એવી શૈક્ષણિક સંસ્થા જે વિદ્યાર્થીઓને આધુનિક માળખાકિય સુવિધાઓ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વ્યવસાયિક વહિવટ દ્વારા સર્વાંગી વિકાસ માટે પ્રોત્સાહિત કરે છે. એસ પોદાર વિદ્યાજ્યોતિ શાળાના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અને સશૈક્ષણિક બન્ને ક્ષેત્રોમાં અનેક મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓમાં સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન (એસઓએફ) દ્વારા આયોજિત આઈજીકેઓ, આઈઈઓ, આઈએમઓ, એનએસઓ અને આઈએચઓ જેવી વિવિધ ઓલિમ્પિયાડ પરીક્ષાઓમાં શાળાના ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૪૦ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. ધો.૧૦ની વિદ્યાર્થિની જીનલ સોઢાને ઉત્તમ શૈક્ષણિક પ્રદર્શન બદલ એસઓએફ તરફથી કન્યા શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં શાળાએ રંગોત્સવ ઉજવણી જેવી આંતરરાષ્ટ્રીય કલા સ્પર્ધામાં ૨૬૩ વિદ્યાર્થી અને ૧૬ શિક્ષકો સાથે ભાગ લીધો હતો, જેમાંથી ૫૭ વિદ્યાર્થીઓએ મેડલ, પ્રમાણપત્રો અને ભેટ-સોગદા જીતી હતી. શાળાના ત્રણ શિક્ષકોને ખાસ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. હાલમાં ૧૮ વિદ્યાર્થીઓએ આંતરાષ્ટ્રીય કલા સ્પર્ધા માટે નોંધણી કરાવી છે. શાળામાં ૨૧ ડિસેમ્બરે આનંદ મેળો ૨.૦ યોજાયો હતો, જેમાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ મનોરંજક રીતે ભાગ લઈ વિવિધ ફુડ સ્ટોલ અને રમુજી પ્રવૃત્તિઓનો આનંદ ઉઠાવ્યો હતો. ફેશન સ્પર્ધામાં ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી એલકેજીના શ્રેયાંશ વારોંડ બીજા રાઉન્ડમાં ક્વોલિફાઈ થયો હતો. મારવાડી યુવા મંચ દ્વારા આયોજિત આંતરશાળા નૃત્ય સ્પર્ધામાં ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું હતું. ઓનમ ઉત્સવના ભાગરૂપે યોજાયેલી સ્પર્ધામાં એલકેજીના આયંસ વર્માએ એક્શન સોંગ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યો હતો. ૮ જાન્યુઆરીએ સેવી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજીત કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૭ ગર્લ્સ ટીમે ભાગ લીધો હતો. ૧૧ જાન્યુઆરીએ રમતગમત સંકુલમાં આયોજિત એથ્લેટીક સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ અન્ડર-૧૪ અને અન્ડર-૧૭માં લાંબી કૂદ અને દોડ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ધો.૮ના વિદ્યાર્થી ઋત્વિક શુકલાએ લાંબી કૂદમાં બીજું સ્થાન મેળવી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રસંદગી મેળવી છે. ૧૨ જાન્યુઆરીએ શાળાના વિદ્યાર્થિનીઓએ લાંબી કૂદમાં ભાગ લઈ શાળાનું રોશન કર્યું હતું.

અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સ્ટીમ લેબ, ઈંટના ઉપયોગ દ્વારા શાળામાં દરેક વિદ્યાર્થી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ જાતે પ્રયોગો કરીને શીખે છે અને ઈન્નરવ્હીલ ક્લબ ગાંધીધામ દ્વારા વોટરબેલ પ્રોજેક્ટ અંગેનો જાગૃતિ સત્ર યોજાયો હતો. શાળાના ટ્રસ્ટી, પ્રિન્સિપાલ અને વહિવટી કામના કર્મચારીઓ દ્વારા તમામ વિદ્યાર્થીઓને તેમની સફળતા માટે અભિનંદન પાઠવાયા છે અને આગામી સ્પર્ધાઓ માટે શુભકામનાઓ અપાઈ હતી. એસ પોદાર વિદ્યાજ્યોતિ શાળા એ માધ્યમિક સ્તર સુધીની સીબીએસઈ સંલગ્ન શાળા છે , જે શાંતિપૂર્ણ વાતાવરણ સાથે વ્યાપક રમત મેદાન, આધુનિ ઢાંચાઓ, શૈક્ષણિક માળખાઓ અને સર્વાંગી વિકાસ પર ભાર આપતી શૈક્ષણિક પદ્ધતિ ધરાવે છે. શાળા અદ્યતન વિજ્ઞાન પ્રયોગશાળા, ગણિત લેબ, કોમ્પ્યુટર લેબ અને સમૃદ્ધ પુસ્તકાલયથી સજ્જ છે. વિદ્યાર્થીઓના વ્યવહારીક જ્ઞાનમાં વૃદ્ધિ માટે શાળાએ એસટીઈએમ લેબ શરૂ કરી છે, જેના માધ્યમથી તેઓ પ્રયોગાત્મક રીતે શિક્ષણ પ્રાપ્ત કરે છે. શાળાના વિદ્યાર્થીઓ કલા, વિજ્ઞાન, રમતગમત, નૃત્ય અને અન્ય ક્ષેત્રોમાં સતત ઉત્સાહપૂર્વક ભાગ લે છે. રાજ્ય સ્તરની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઘણા મેડલો જીતી ચૂક્યા છે. માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, શિક્ષકો પણ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ તેમને પ્રોત્સાહિત કરે છે. શાળામાં પર્યાવરણપ્રેમી અભિગમ અપનાવી કેજીના નાના બાળકોએ ગાર્ડનિંગ ડે નિમિત્તે વૃક્ષારોપણ કરીને સુંદર સંદેશો આપ્યો હતો. વિદ્યાર્થીઓના આરોગ્યના સર્વે માટે આરોગ્ય કેમ્પનું આયોજન કરાયું હતું, જે વિદ્યાર્થીઓના સારા શારીરિક સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે. આ બતાવે છે કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળા પ્રતિબદ્ધ છે.

# આજે સીંધી-કચ્છી ભાનુશાલીની એકતાના થશે અનેરા દર્શન

# ઓધવજયોતનું આજે સાંજે ગાંધીધામમાં દબદબાભેર આગમન : સાંજે ભવ્ય સત્કાર સમારોહનું આયોજન : ઉત્સાહનો માહોલ

**સાંજે ૭ વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે ગાંધીધામ સીંધી ભાનુશાલી મહાજન તથા કચ્છી ભાનુશાલી દ્વારા સંયુકત રીતે ઓધવજયોતને અપાશે આસ્થાભેર આવકાર-સ્વાગત : યોજાશે સત્કાર સમારંભ : મહાબાઈક રેલીનું આયોજન : ભારતનગર ભાનુશાલી સમાજ મધ્યે ઓધવજયોત લેશે વિરામ : વાડી મધ્યે દાંડીયારાસથી ઓધવજયોતની થશે અનેરી ભક્તિ**

ગાંધીધામ : ગાંધીધામ : હરીદ્વાર ખાતે પુ. વાલદાસજી મહારાજ દ્વારા આજથી ૬૫ વર્ષ પહેલા જે જયોત પ્રગટાવી હતી તે જયોતને હરિદ્વાર કચ્છી આશ્રમ મધ્યે અખંડ જયોત તરીકે અભુતપૂર્વ સંચાલન ભકિતભાવપૂર્વક કરવામા આવી રહ્યું છે. પુ. હરીદાસજી મહારાજના કરકમળો દ્વારા આ ઓધવ જયોતનુ પ્રસ્થાન તાજેતરમાં જ તા. ૩૦મી માર્ચના રોજ કરવામા આવ્યુ હતુ. જે ઓધવજયોત હનુમાન ગઢ, રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, જામનગર, અમદાવાદમાં હજારો હરિભકતોને પુજા-અર્ચનાનો લાભ આપી અને આજ રોજ સાંજે પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ ખાતે પહોચી રહી છે. ગાંધીધામ સીંધી ભાનુશાલી મહાજન દ્વારા આ ઓધવજયોતને ભકિતભાવપૂર્વક દબદબાભેર વધાવવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. શ્રી મોહનભાઈ ગોવિંદજી ગોરીની યાદીમાં જણાવ્યા અનુસાર પુ. ઓધવરામજી મહારાજના ભવ્ય મંદીર પ્રવેશનો આગામી ૨૮મી એપ્રીલથી ૩૦મી એપ્રીલ સુધી જખૌ મધ્યે ભવ્ય ત્રિદિવસીય વાર્ષિક ઉત્સવ યોજવામા આવી રહ્યો છે. અને તે મહોત્સવમાં ૩૦મી એપ્રીલના રોજ ૫૫મો ભવ્ય સમુહલગ્ન પણ યોજવામા આવશે. તેઓએ જણાવ્યુ કે, પુ. ઓધવરામજી મંદીરના વાર્ષિક ઉત્સવ પ્રસગે જ પવિત્ર ઓધવજયોત હરિદ્વારથી પ્રસ્થાન કરી અને વિવિધ રાજયો તથા ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ વીવિધ શહેરોમાં સમાજના હરિભકતોને પુજા અર્ચનાનો લાભ આપી અને આજરોજ સાંજે ગાંધીધામ મધ્યે પહોચી રહી છે. તેઓએ વધુમાં જણાવ્યુ છે કે, આજ રોજ સાંજે ૭ વાગ્યે ગાંધીધામ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે ઓધવજયોતને આવકારવા- સ્વાગતનો એક ભવ્ય સત્કાર સમારંભ યોજવામા આવશે. અહી સીંધી અને કચ્છી ભાનુશાલી સમાજ બન્નેની એકતાના ઐતિહાસીક દર્શન થવા પામશે. ઓધવજયોતને આવકાર-સ્વાગત બાદ અહીથીજ એક વિશાળ મહા બાઈક રેલીને સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં પ્રસ્થાન કરાવવામાં આવશે. આ બાઈક રેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી શરૂ થયા બાદ ચાવલા ચોક થઈ, ઝંડાચોક, ગાંધીધામ લીલાશાથી ભારતનગર મધ્યે આવેલી ભાનુશાલી મહાજન સમાજવાડી મધ્યે વિરામ લેશે. સમાજવાડી મધ્યે જ આ ઓધવજયોત વિરામ લેશે અને અહી જ દાંડીયારાસનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે જેમાં સમાના હરિભકતો દાંડીયારાસ રમી અને ભકિતપર્વની ઉજવણી કરશે.

## જામનગરમાં ભાનુશાલી સમાજ દ્વારા ઓધવધામના મંદિરોના ૪૧ મા પાટોત્સવની ઉજવણી કરાઈ

**બે દિવસીય મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા**






જામનગર : જામનગરના સમસ્ત ભાનુશાલી જ્ઞાતિના કુળદેવી હિંગલાજ માતાજી તેમજ સદ્દગુરુદેવ ઓધવરામ મહારાજ, વાલરામ મહારાજ, વ્હાલરામેશ્વર મહાદેવ, શીતલા માતાજી તથા કૃષ્ણ ભગવાનના મંદિરોના પાટોત્સવનો દ્વિદિવસીય મહોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તા.૧૯ અને ૨૦ એપ્રિલના વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા.

પ.પૂ. સંત હરિદાસજી મહારાજની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિરોના પાટોત્સવ પ્રસંગે શનિવાર રાત્રે, ૫૮ દિ પ્લોટ, સમાજની વાડી પાસે ભવ્ય સંતવાણીનું આયોજન થયું હતું.જેમાં મુંબઈના ભજનિક જીતુભાઈ વિશરીયા તથા દિપકભાઈ ભદ્રા સંતવાણીએ રસપાન કરાવ્યું હતું. બીજા દિવસે વહેલી સવારથી હોમયજ્ઞ વસ્ત્રાભૂષણ શણગાર, નુતન ધ્વજારોહણ, મહાઆરતીના ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

સાંજે ૪ વાગ્યે ઓધવજ્યોત રથ જે હરીદ્વારથી પ્રસ્થાન થયું છે તેનું સામૈયું કરી પૂજા, ૫ વાગ્યે સમસ્ત ભાનુશાલી ભાવિકોની ઉપ સ્થિતિમાં ઓધવધામથી શોભાયાત્રા નીકળી હતી. જે હિરજી મિસ્ત્રી રોડ થઈ સત્યમ કોલોની અંદર બ્રીજ પાસે આવેલા ઓધવભાનુ પાર્ટીપ્લોટ ખાતે સંપન્ન થઈ હતી. આ શોભાયાત્રામાં હજારો ભાવિકો, શણગારેલા રથ, ડી.જે.ના સંગીત સુરાવલીઓ સાથે સૌર્ય ગીતો, ભક્તિ ગીતાના નાદ સાથે વિવિધ માર્ગો ઉપર થી પસાર થઈ હતી. આ શોભાયાત્રામાં ભાનુશાલી સમાજની બાળાઓ ખાસ વેશભૂષામાં સજ્જ થઈને દેશભક્તિની કૃતિઓ રજુ કરી હતી. સાંજે ૭.૩૦ વાગ્યે શોભાયાત્રા પૂર્ણ થઇ હતી. બાદ ૪૧ માં મંદિર પાટોત્સવ આર્થિક અનુદાન આપ નાર ભાનુશાલી પરિવારો તથા સમાજના દાતા ઓ માટે સત્કાર સમારોહ યોજવામાં આવેલ છે. પંદર હજાર જેટલા જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ રૂપી ભોજનની વ્યવસ્થા ભાનુપાર્ટીપ્લોટ ખાતે કરવામાં આવી હતી.પ્રત્યેક ભાનુશાલી વર્ષભર આતુરતાથી રાહ જોતા હોય છે. તેવા ઓધવધામના મંદિરોનો પાટોત્સવ પ્રસંગ સૌના ઉત્સાહ ઉમંગ સાથે રાત્રે સંપન્ન થઈ હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમાજના પ્રમુખ મનીષભાઈ કટારીયાની આગેવાની હેઠળ કારોબારી કમીટીએ જહેમત ઉઠાવી હતી. તેમ સુરેશભાઈ આલારીયા (મંત્રી-કચ્છી ભાનુશાલી સમાજ જામનગર) ની યાદીમાં જણાવાયું હતું.

## કચ્છ જિલ્લા ભાજપ દ્વારા અંજાર ખાતે જિલ્લાકક્ષાનું આંબેડકર સન્માન સભા અને પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું

અંજાર : કેન્દ્ર અને ગુજરાત સરકારે સંવિધાનના જનક એવા ડો. બાબસાહેબ આંબેડકરના જીવન ચરિત્રને સદાય અમરત્વ બક્ષ્યું છે તેવો વિચાર અને એકરાર અંજાર ખાતે જિલ્લા ભાજપ દ્વારા યોજાયેલી ડો. બાબાસાહેબ આંબેડકરની સન્માન સભામાં ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકો સમક્ષ વ્યક્ત કરી તેમના કાર્યોને બિરદાવ્યા હતા.



અંજાર ખાતે ડો. આંબેડકરજીના સન્માન માટે ખાસ યોજાયેલી સન્માન સભા અને પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે પ્રદેશથી ખાસ આવેલા પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચા મહામંત્રી દેવેનભાઈ વર્માએ પ્રસંગનું ઔચિત્ય વિશેષ હોવાનું કહી, ડો. બાબાસાહેબ આંબેડકરના દેશના બંધારણ ઘડતરમાં અમૂલ્ય યોગદાનને દેશ ક્યારેય ન ભૂલી શકે તેવું કહ્યું હતું. તેમણે આ કાર્યક્રમ દ્વારા પ્રબુદ્ધ નાગરિકો તેમના ચરિત્રને સદાય યાદ કરશે તેવું કહ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકોનું સ્વાગત કરતાં અંજાર વિભાગના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ ડો. બાબાસાહેબના દેશના બંધારણ પરત્વેના પ્રદાનને યાદ કરી ગુજરાત સરકાર હરહંમેશ તેમનું યથોચિત સન્માન કરવા અગ્રેસર રહી છે તેવું કહીને તેમના જન્મદિવસે પ્રદેશ ભાજપ અને રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા અનેકવિધ કાર્યક્રમો અંગેની માહિતી આપી હતી. કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે આ પ્રસંગે ડો. આંબેડકરના જીવનકવનની વાતો કરી તેમના જીવન ઉપરથી પ્રેરણા મળતી હોવાનું કહ્યું હતું. તેમણે દેશના મજબુત બંધારણના પાયામાં તેમના યોગદાનને યાદ કર્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ મહામંત્રી અને કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા કે જેઓ આ સમગ્ર અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ તરીકે પણ જવાબદારી નિભાવે છે તેમણે જણાવ્યું હતું કે ભારતના બંધારણ થકી જ ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી બની શકી છે તેનું શ્રેય ડો. આંબેડકરને આપ્યું હતું. ડો. બાબાસાહેબના દેશ પ્રત્યેના ઋણને યાદ કરી તેમને મહામાનવ ગણાવ્યા હતા. ગાંધીધામ વિભાગના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ પણ પ્રસંગોચિત ઉદ્બોધન કરતાં ડો. આંબેડકારજીના પ્રેરણાત્મક જીવન વિશે વાત કરી હતી. તેમણે આજના કાર્યક્રમમાં તેમના સન્માનને યથિચિત ગણાવી દેશના પાયાના નેતાઓમાં ડો. આંબેડકરજીના પ્રબુદ્ધ વ્યક્તિત્વમાંથી શીખ મળતી હોવાનું કહ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુવભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો. બાબસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજા, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ દિલીપભાઈ શાહ, નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ધવલભાઈ આચાર્ય, સમગ્ર અભિયાનના જિલ્લાના સહ ઈન્ચાર્જ જયંતભાઈ માધાપરીયા, જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન કુંવરબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ અનુસૂચિત મોરચા મહામંત્રીઓ પ્રેમજીભાઈ મંગેરિયા, રવિભાઈ ગરવા, અંજાર નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, અંજાર તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબા જાડેજા, અંજાર શહેર ભાજપ પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, અંજાર તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ આહિર, અંજાર શહેર અને તાલુકા સંગઠનના મહામંત્રીઓ કૃપાલસિંહ રાણા, અશ્વિનભાઈ સોરઠિયા, કાનજીભાઈ આહિર, રૂપાભાઈ રબારી તેમજ અપેક્ષિત શ્રેણીના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા ભાજપ મંત્રી વસંતભાઈ કોડરાણીએ જ્યારે આભારવિધિ જિલ્લા ભાજપ અનુસૂચિત મોરચા અધ્યક્ષ અશોકભાઈ હાથીએ કરી હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

## રાજ્યમાં બે તબક્કામાં એશિયાઇ સિંહની વસ્તી ગણતરી યોજાશે

ગાંધીનગર : ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો આગામી ૧૬મો વસ્તી અંદાજ-૨૦૨૫ સંભવિત તા.૧૦ થી ૧૩ મે દરમિયાન બે તબક્કામાં યોજવામાં આવશે. જેમાં પ્રાથમિક વસ્તી અંદાજ મે મહિનાની તા.૧૦ થી ૧૧ અને આખરી વસ્તી અંદાજ તા.૧૨ થી ૧૩ મેના રોજ હાથ ધરવામાં આવશે. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના કુલ ૩૫ હજાર ચો. કિમી. વિસ્તારમાં 'ડાયરેક્ટ બીટ વેરીફીકેશન' પદ્ધતિથી કરવામાં આવશે. ગુજરાતમાં સૌપ્રથમ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઇ હતી .વસ્તી ગણતરી સાથે સિંહની હિલચાલની દિશા, લિંગ, ઉંમર, ઓળખ ચિન્હો, જી.પી. એસ. લોકેશન, ગૃપ કંપોઝીશન વગેરે વિગતો નોંધવામાં આવશે .

## વીડી બગીચા સામે જુગાર રમતા ૭ ખેલી પકડાયા

અંજાર : તાલુકાના વીડી બગીચા બસ સ્ટેશન સામે બાવળોની ઝાડીમાં જુગાર રમતા ૭ ખેલી પકડાયા હતા. જેમાં આબીદ દાઉદ કુરેશી, ઉમર ઈસ્માઈલ જત, જુસબ હાસમભાઈ સઠિયા, સોહિલ જાનમામદ શેખ, સમીર આમદશા દિવાન, યોગેશ રમણીકલાલ વાણીયા, નયન જગદીશભાઈ બાંભણિયા પકડાયા હતા. જયારે બે અજાણ્યા ઈસમો ભાગી ગયા હતા. રોકડા રૂપિયા ૨૬ હજાર તથા ૨૬૫૦૦ના ૮ મોબાઈલ, ૬૦ હજારની ૬ બાઈક કબ્જે કરવામાં આવી હતી. આરોપીઓ ધાણીપાસનો જુગાર રમતા હતા.

## ગાંધીધામમાં વધુ બે મોપેડ ચોરાયા

ગાંધીધામ : શહેરમાં બાઈક ચોરીની વધુ બે ઘટના સામે આવી છે, જેમાં એસટી બસ સ્ટેશન ખાતેથી સીબી સાઈન બાઈક નંબર જી.જે. ૧૨ બીઈ ૭૫૪૧ કિંમત રૂપિયા ૨૦ હજારની બાઈક ચોરાઈ ગઈ હતી, જે બાબતે મૂળ સાબરકાંઠાના હાલે આદિપુર રહેતા વંશ નવીનભાઈ પટેલે ફરિયાદ લખાવી હતી. આ તરફ સેકટર -૫માં અમૃત કોમ્પ્લેક્ષ પાસેથી ૮૫ હજારની સીડી ડીલક્ષ બાઈક નંબર જી.જે. ૩૯ ડી ૯૬૫૮ ચોરાઈ જતાં ફરિયાદ નોંધાવાઈ હતી. જેથી પોલીસે બંને કિસ્સામાં તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

## ટાગોર રોડ પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં વધુ એક યુવાનનું મોત થતાં મરણાંક 3 પર પહોંચ્યો

**એસટીની પુરપાટ આવેલી વોલ્વોએ ડિવાઈડર કુદાવી મોપેડ અને બાઈકને મારી હતી ટક્કર**

**ગાંધીધામથી આદિપુર વચ્ચે આડેધડ કટના કારણે નિર્દોષ જીંદગી જોખમાય છે**

**ગાંધીધામથી આદિપુર વચ્ચેનો ટાગોર રોડ અગાઉ પણ અકસ્માત ઝોન હતો ત્યારે મુંદરા સર્કલ સહિતના સર્કલ નાના કરવામાં આવ્યા, રસ્તા પહોળા કરવામાં આવ્યા, જેથી થોડો સમય અકસ્માત ઘટયા હતા. પરંતુ ફરી અકસ્માતો વધ્યા છે. આ રોડ પર ૧૯ જેટલા કટ છે. ખરેખર બિનજરૂરી કટ દૂર કરવામાં આવે તેમજ હાઈવે રોડ પર સફેદ પટ્ટા અને સ્પીડ બ્રેકર પર સફેદ પટ્ટા અને કેટઆઈ જોવા મળતા નથી. હવે ગાંધીધામ મહાનગર છે ત્યારે મહાનગરપાલિકા અને પોલીસ અકસ્માત અટકાવવા માટે પગલા ભરે તે અનિવાર્ય છે.**

ગાંધીધામ : આદિપુરના મુંદરા સર્કલ પહેલા આવતા જનતા પેટ્રોલપંપના કટ પાસે ભુજ - રાજકોટ વોલ્વો બસના ચાલકે એક્ટિવા અને બાઈક ચાલકને હડફેટે લીધા હતા.જેમાં સ્થળ પર એક યુવતીનું મોત થયા બાદ ગત રોજ અન્ય એક યુવતીએ દમ તોડ્યો હતો.

આ બનાવમાં ઘવાયેલા એક યુવાનને રાજકોટ સારવાર માટે લઈ જવાયો જયાં તેનું મોત થતાં મરણાંક ૩ પર પહોંચ્યો છે. નવાઈની બાબત એ છે કે, અકસ્માત સર્જનાર ચાલક જામીન પર કયારેય છુટી ગયો છે.

આ અંગે મળતી વિગતો મુજબ આદિપુરથી ગાંધીધામ તરફ ટાગોર રોડ પર પુરપાટ જતી એસટીની ભુજ - રાજકોટ વોલ્વો બસે આદિપુરના જનતા પેટ્રોલપંપ પાસે રસ્તો ઓળંગી રહેલ મોપેડને ટક્કર મારતા તેમાં સવાર એમબીએની વિદ્યાર્થીની સતુપ્પલી રીતુ અને બીબીએની વિદ્યાર્થિની અંકિતા જીલરિયાને હડફેટે લીધા હતા, જેમાં સ્થળ પર ગંભીર ઈજાઓના કારણે સતુપલ્લીનું અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંક્તિનું મોત થયું હતું. મોપેડને ઉડાવ્યા બાદ બસના ચાલકે કાબૂ ગુમાવીને રોંગ સાઈડમાં જતાં ત્યાં સામેથી આવી રહેલી બાઈકને હડફેટે લીધી હતી. જેમાં સવાર કિડાણાના સમીર રહીમભાઈ ત્રાયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયા હતા. ત્યા સારવાર દરમ્યાન મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં ત્રણ મોત થતાં લોકોમાં પણ શોક ફેલાઈ જવા પામ્યો છે.

## માધાપરમાં મહિલાની ફેક આઈડી બનાવી બદનામ કરવાની કોશિષ કરાઈ

ભુજ : તાલુકાના માધાપર ગામે મહિલાની ફેક આઈડી બનાવી બદનામ કરવાની કોશિષ કરાઈ હતી. આ બાબતે મળતી વિગતો મુજબ ભોગ બનનાર મહિલાને આ કામેના આરોપી વ્યક્તિ દ્વારા વીડિયો કોલ કરવામાં આવ્યો હતો. જેનો સ્ક્રીન શોર્ટ લઈ આરોપીએ સ્ક્રીન શોર્ટમાં લીધેલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદી યુવતીની ઈન્સ્ટ્રાગ્રામ અને ફેશબુકમાં ફેક આઈડી બનાવી અને તેમાં ફરિયાદીના ફોટા અપલોડ કરી બદનામ કરવાનો પ્રયાસ કરાયો હતો. જેથી મહિલા આગળ આવતા માધાપર પોલીસે આઈટી એકટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## કનૈયાબે પાસેના બે પેટ્રોલપંપમાંથી ચોરી કરનાર પકડાયો



ભુજ : તાલુકાના કનૈયાબે હાઈવે પર આવેલ પેટ્રોલપંપોમાંથી ચોરી કરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. આ અંગે પોલીસમાંથી મળતી વિગતો મુજબ અંજારના ચાંદ્રાણીમાં રહેતા મહાદેવભાઈ કાનજીભાઈ અને નાડાપાના રાજેશ હરિભાઈ ડાંગરના યદુનંદન ફયુલ સ્ટેશન તેમજ યદુનંદન નાયરા પેટ્રોલપંપમાંથી રૂા. ૧.૨૫ લાખની ચોરી થયાની ફરિયાદ પદ્ધર પોલીસમાં નોંધાવી હતી. જેથી પીઆઈ એ.જી. પરમારની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરતા ચોરી કરનાર તસ્કર અંજારના ધમડકાનો પોપટ વેલા કોલીને મોખાણા - રામપર ખોખરા ગામની કોલસાની ભઠ્ઠી પાસે બાવળોની ઝાડીમાંથી પકડી પાડ્યો હતો. તેની પાસેથી ૩૫ હજાર રોકડા અને ૧૦ હજારનો મોબાઈલ કબ્જે કરવામાં આવ્યો હતો. આરોપીની પુછપરછમાં પોપટ વેલા કોલીએ બંને પંપોમાંથી ચોરી કર્યાની કબૂલાત આપી હતી. આરોપી સામે અગાઉ કંડલા મરીન અને પદ્ધર, દુધઈ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે.

## ભુજમાં શંકાસ્પદ વાયરના જથ્થા સાથે શખ્સ પકડાયો



ભુજ : શહેરની ભંગારની દુકાનમાં રાખેલ આધાર પુરાવા વગરના વાયરના જથ્થા સાથે શખ્સ પકડાયો હતો. એલસીબીની ટીમે બાતમીના આધારે અંજલિનગર રોડ પર આવેલ ભંગારની દુકાનમાંથી આધાર પુરાવા વગરના શંકાસ્પદ ૨૪ હજારનો ૬૦ કિલો કોપર વાયર સાથે ભુજના જુણસ આમદ કુંભારને ઝડપી પાડી આગળની કાર્યવાહી ધરી છે.

## દયાપર ખાતે આજથી દબાણ હટાવવાના થયા શ્રીગણેશ



**વિરાણી- દયાપર ખાતે ખેતી વિષયક ૪થી ૫ દબાણો દૂર કરાયા : તાલુકામાં સાત ગામના ૧૫ સ્થળોએ દબાણ દૂર કરાયા**

નખત્રાણા : કચ્છમાં દબાણ હટાવની કામગીરી ચાલી રહી છે, ત્યારે લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર અને નજીકના વિરાણી ગામે આજે વહિવટીતંત્ર, પ્રાંત અધિકારી સૂરજ સુથારના માર્ગદર્શન હેઠળ ૪થી ૫ જેટલા ખેતી વિષયક દબાણો દુર કરવામાં આવ્યા હતા. નાયબ મામલતદાર યુવરાજસિંહ ગોહિલે કચ્છ ઉદયને માહિતી આપતા કહ્યું કે, આજે સવારે ૧૦ કલાકે મામલતદાર સલીમ ડોડિયા, દબાણ નાયબ મામલતદાર મનીષ જોષી, રેવેન્યુ તલાટી ટીમ, પોલીસ સ્ટાફ, આરએન્ડબી, પીજીવીસીએલ સહિતના સ્ટાફ સાથે પ્રથમ તબક્કે વિરાણી, દયાપર ખાતે દબાણો દૂર કરાશે. તાલુકામાં સાચત ગામોના ૧૫ દબાણ દૂર કરવા તમામને નોટીસ પાઠવાઈ છે. સરકારી જમીન પર કિંમતી દબાણો ઠેક ઠેકાણે થયા છે. જેમાં દયાપર, માતાનામઢ, રાવળેશ્વર, બરંદા, નરા, મુંધાન સહિતના ગામોમાં દબાણો દૂર કરાશે. દયાપરમાં દાદાનું બૂલડોઝર ફરી વળતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે.

## બાલાસરની સરહદેથી પાકિસ્તાન જવાનો પ્રયાસ કરતો બિહારી યુવક પકડાયો



**રવિવારે બપોરે બીએસએફની ટીમે ઝઝામ બીઓપી પાસેથી પકડી બાલાસર પોલીસના હવાલે કર્યો : લોદ્રાણી ખાતે પંખેરાપીરના દર્શન કરી રણમાં રસ્તો ભૂલી ગયાનું રટણ**

ભુજ : એકતરફ કચ્છની સરહદે વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક આકાર થઈ રહ્યો હોવાથી મોટી સંખ્યામાં લોકોની અવર જવર છે. ઉપરાંત વાગડની સરહદેથી અગાઉ પાકિસ્તાની નાગરિકો પકડાઈ ચુકયા છે. તાજેતરમાં રણમાં રસ્તાના સર્વે માટે ગયેલા યુવાનનું રણમાં ભટકી જવાથી મોત થયું. આ વચ્ચે કચ્છ સરહદ ઓળંગીને પાકિસ્તાન જતા યુવકને ઝડપી લેવાયો હતો. આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા વાગડ વિસ્તારના રાપર તાલુકામાં આવેલ બાલાસર પોલીસ મથક હેઠળના બેલા, મૌઆણા, ખડીર, કુડા, લોદ્રાણી સહિતના રણ વિસ્તારમાંથી અવાર નવાર શંકાસ્પદ હાલતમાં રખડતા શખ્સો પકડાયાના બનાવો બન્યા છે. આંતરરાષ્ટ્રીય સરહદ નજીક જીરો લાઈન પર આવેલા પીલર નંબર ૯૯૨ પાસેથી આંતરરાષ્ટ્રીય સરહદ પાસે આવેલી બીએસએફની ઝઝામ બીઓપી પાસેથી સરહદ પાર કરવાની પેરવી કરી રહેલા બિહારના સમીર સમશેર અંસારી (રહે દામોદરપુર મુજફ્ફરનગર બિહાર)ને બીએસએફના જવાનો દ્વારા ઝડપી લેવાયો હતો. આ શખ્સ તા.૧૭/૪/૨૦૨૫ના પંખેરાપીર લોદરાણી ખાતે આવ્યો હતો. જયાંથી ૩૫ કીલો મીટર દુર રણ વાટે જીરો પોઈન્ટ ખાતે પહોંચી ગયો હતો. આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરવાની પેરવી દરમિયાન બીએસએફના હાથે ઝડપાઈ ગયો હતો. બીએસએફ દ્વારા બાલાસર પોલીસને સોંપવામાં આવ્યો હતો. શંકાસ્પદ શખસની તપાસ દરમ્યાન આધારકાર્ડ તથા અન્ય ચીજ વસ્તુઓ મળી આવી હતી. વધુ તપાસ બાલાસર પીઆઈ એમ.એન.દવે ચલાવી રહ્યા છે. હાલ બાલાસર પોલીસમાં આ સમીર સામે ગેરકાયદે રીતે વગર પાસ પરમીટે નોટીફાઈડ એરિયામાં પ્રવેશ બાબતે ગુનો દાખલ કરાયો છે.

## ગાંધીધામમાં ઘરફોડ ચોરીનો આરોપી ૨૦ વર્ષે પકડાયો



ગાંધીધામ : શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૦૦૪માં નોંધાયેલ ઘરફોડ ચોરીમાં ૨૦ વર્ષથી નાસતો ફરતો દાહોદ તાલુકાના વડબારા ગામે માતા ફળિયામાં રહેતા પપ્પુ સડિયાભાઈ બાબેરિયા નામનો શખ્સ દાહોદ હાઈવે પરના કતવારા ગામે હોવાની પીઆઈ એન.એન. ચુડાસમાને બાતમી મળી હતી. જેથી દાહોદ એલસીબીની ટીમને જાણ થતા આરોપીને પકડી પાડ્યો હતો. આગળની કાર્યવાહી માટે ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સોપવામાં આવેલ છે.

## પહેલા પાનાથી...

**સીએમ ભુપેન્દ્ર**

પ્રભારી ગુજરાતના પ્રવાસે આવશે અને ગુજરાતના આગેવાનો સાથે નવા પ્રદેશ પ્રમુખ ના નામ અંગેની સેન્સ પ્રક્રિયા હાથ ધરીને સેન્સ મેળવશે અને પ્રદેશ પ્રમુખ પદ માટેના સંભવિત નામની યાદી સાથેનો અહેવાલ ભાજપ હાઈકમાન્ડને પ્રમુખના નામની જાહેરાતના પહેલા સીએમની દિલ્હી મુલાકાતને અનેકવિધ રાજકીય અટકળો સાથે જોવાઈ રહ્યુ છે તેઓ રાષ્ટ્રીય નેતૃત્વ સાથે મુલાકાત કરનાર છે.

**ભાજપના નવા પ્રદેશ**

સોંપશે અને ત્યારબાદ ભાજપ હાઈકમાન્ડ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત કરે તેવી શક્યતા છે.

**ભારત-અમેરીકાના**

સાથે વેપાર કરાર અંગે ચર્ચા કરી શકે છે. અહેવાલો અનુસાર સોમવારે બેઠક દરમિયાન કોઈ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે નહીં.

**રાજયમાં ચણા**

પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યો હતો.

જેથી રાજ્યના ખેડૂતોએ ચણા અને રાયડાનું નિશ્ચિત થઈને પુષ્કળ વાવેતર કર્યું હતું. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે.

**સેટેલાઈટ લોન્ચપેડ**

સંસ્થાઓને અવકાશ માળખા, લોન્ચ વાહનો અને અન્ય સંસાધનોને ઍક્સેસ કરવા માટે તેમજ તેમની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને અધિકૃત કરીને એક માળખું પૂરું પાડીને ભારતીય અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સરળ બનાવે છે.

# અવસાન નોંધ

**ગાંધીધામ** : ચંદે દેમાબેન કેશવજીભાઈ (ઉ.વ. ૮૫) તે કરશનભાઈ, રામજીભાઈ, હંસાબેનના માતા, હંસાબેન, કુંવરબેન, રામજીભાઈના સાસુ, મહેશ, વિનય, અનિલ, ભાવિન, દિયાના દાદી તા. ૧૩-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ પૂર્ણ થઈ ગઈ છે. બેસણું નિવાસસ્થાન મહેશ્વરી નગર, મકાન નં. ૯૮, ગાંધીધામ ખાતે.

**ગાંધીધામ** : મૂળ લાલા (તા. અબડાસા)ના મહેશ્વરી નેણબાઈ સુમાર સંજોટ (ઉ.વ. ૯૫) તે દાદાભાઈ, રામજીભાઈ, સ્વ. ભોજાભાઈ, બાયાબાઈ (લાલા)ના માતા, પ્રેમજી, સ્વ. કિશોર, લાલજી, ધરમ, મંજુલા, હીરાબેન, કેસરબેન, રમીલાબેન, લીલુબેન, માનબાઈ, હંસા, ગંગા, નિર્મળાના દાદી, સ્વ. ખેતશી ખમુભાઈ કન્નર, સ્વ. માલસી વેલા કન્નર, સ્વ. બુધારામ ખમુ કન્નર (ચાંગડાઈ)ના બહેન, હમીર, જીવરાજ, વલ્લભજી, સ્વ. અરજણ, મોહન, સ્વ. વાલજી, ગોપાલ (એડવોકેટ), કેસરબાઈ, વાલુબેન, નિર્મળાબેનના ફઈ તા. ૧૬-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ પૂર્ણ થઈ ગઈ છે. સાદડી નિવાસસ્થાન મકાન નં. ૮૧, ૯-બી, લુણંગનગર, ગાંધીધામ ખાતે.

**ભુજ** : અશોકકુમાર નાનાલાલ શાહ (ચકારવાળા) (ઉ.વ.૭૮) (વિરાટ ડ્રેસીસ - ભુજ) તે સ્વ. કમલાબેન નાનાલાલ શાહના પુત્ર, આશાબેનના પતિ, સ્વ. જયાબેન, સ્વ. અરિષ્ઠાબેન, મહેશભાઈ (રિલિફ સ્ટોર)ના ભાઈ, સ્વ. હેમલતાબેન હરિલાલ શાહના જમાઈ, મધુબેનના જેઠ, તૃષા, વિરાટ, વૈભવ, પુનિતના પિતા, તુષારભાઈ (અંજાર), કવિતા, સેજલના સસરા, હર્ષ, તીર્થ, જયણા, ધૈર્યા, હીરના દાદા, ધૈર્ય, યશ્વીના નાના, સ્વ. પ્રાણલાલભાઈ, વસંતભાઈના સાળા, નિલમબેન (મદ્રાસ), કોકીલાબેન (વડોદરા), જયેશભાઈ (મુંબઈ)ના બનેવી, ગિરીશભાઈ, દિલીપભાઈના સાઢુભાઈ, વેલજી ગલાલચંદ (કેજીએફ), સ્વ. બાબુલાલ ગલાલચંદ, પ્રભાબેન પુનમચંદ સંઘવીના ભત્રીજા, સ્વ. વિનોદ, સ્વ. અનિલ, રાજેશ, કિરણ, સ્વ. કંચનબેન, વનિતાબેનના કાકાઈ ભાઈ તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના સાંજે ૫થી ૬ જૈન ગુર્જરવાડીના પહેલા માળે રાખેલ છે.

**ભુજ** : મૂળ ભુજપુરના જાડેજા સુલતાનજી મેઘરાજજી (ઉ.વ. ૭૫) તે નવુભા, અજિતસિંહ, સતુભાના પિતા, શૈલેન્દ્રસિંહ, યુવરાજસિંહ, મિતરાજસિંહ, યશપાલસિંહના દાદા તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના સોમવારે સાંજે ૪થી ૫ બિલેશ્વર મંદિર વી. ડી. હાઈસ્કૂલ પાસે ભુજ ખાતે.

**કોટડા (તા. ભુજ)** : કાનજીભાઈ સામજીભાઈ માકાણી (ઉ.વ. ૭૬) તે સ્વ. સામજીભાઈ સવગણભાઈના પુત્ર, અમૃતબેનના પતિ, મહેન્દ્રભાઈ, સગુણાબેન, સંગીતાબેનના પિતા, અરૂણાબેન, દિલીપભાઈ, અશ્વિનભાઈના સસરા, માનસીબેન, કિરણકુમારના દાદા, રામજીભાઈ, જીવરામભાઈ, શિવજીભાઈ, કરશનભાઈ, લખમાબેનના ભાઈ તા. ૧૫-૪ના અવસાન પામ્યા છે. બેસણું મહેન્દ્રભાઈ કાનજીભાઈના નિવાસસ્થાને, કોટડા આથમણા ખાતે.

**કોટડા - ચકાર (તા. ભુજ)** : અમૃતબેન જીવરાજભાઈ માકાણી (ઉ.વ. ૭૪) તે જીવરાજભાઈ હીરજીભાઈ માકાણીના પત્ની, સવગણભાઈના નાના ભાઈના પત્ની, શામજીભાઈના ભાભી, મહેન્દ્રભાઈ, બલદેવભાઈ, કૈલાસબેન, રેખાબેન, હંસાબેન, ગીતાબેનના માતા, હંસાબેન, રેણુકાબેન, હિમ્મતભાઈ ધોળુ, સંજયભાઈ લિંબાણી, કીર્તિભાઈ ધોળુ, નરેન્દ્રભાઈ છાભૈયાના સાસુ, પ્રતીક, મીરાલી, રાજલ, નીલ, નીતના દાદી, નેહાના દાદીસાસુ, કુંજના પરદાદી તા. ૧૫-૪ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન કોટડા (આ.) ખાતે.

**માનકૂવા (તા. ભુજ)** : મુરીબેન રાણાભાઈ ચૌહાણ (ઉ.વ.૮૦) તે કરશનભાઈ નારાણભાઈ ચૌહાણના ભાભી, દુદાભાઈ ખેતાભાઈ ચૌહાણના કાકી, સ્વ. બાબુભાઈ, દેવશીભાઈના માતા, માધવભાઈ, ડાયાલાલભાઈ, શંકરભાઈ, રામજીભાઈના મોટી મા, જગદીશ, સુરેશ, ધનજી, રતનશી, રમેશ, હરજી, આદિત, અક્ષય, જગદીશ, હાર્દિક, અનિલના દાદી, હરેશ, યુગ, રૂદ્ર, કુંજ, હિમાંશુ, રતુના મોટા દાદી તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૧-૪ના સોમવારે સાંજે ૫થી ૬ નિવાસસ્થાન, બાવરવાડી નવાવાસ માનકૂવા ખાતે.

**ભુજ** : જિતેન્દ્ર આણંદજી ઠક્કર (ખટાઉભાઈ) રાજદે (નિવૃત્ત જી.કે. જનરલ હોસ્પિટલ) તે દિવાળીબેન આણંદજીભાઈ ધનજીભાઈ ઠક્કર (ચોબારી - ખડીરવાળા)ના પુત્ર, સ્વ. ઠક્કર દિવાળીબેન પોપટલાલ, સ્વ. ઠક્કર દિવાળીબેન મંગળજીભાઈના ભત્રીજા, સ્વ. હેમલતાબેન, કૌશલ્યાબેનના પતિ, દીપ્તિબેનના જેઠ, કનુભાઈ, લીલાવંતીબેન પ્રભુલાલ, તારાબેન ચંપકલાલ, હંસાબેન ધીરજલાલના મોટા ભાઈ, ચિરાગ (ઈન્ડસિન્ડ બેંક), સૌમ્યના પિતા, ગાયત્રી, રીનાના સસરા, ભાવેશના દાદા, સ્વ. સંતોકબેન ભારમલભાઈ મિરાણીના દોહિત્ર, સ્વ. સાંખ્યોગી બાઈ શાન્તાબાઈ ભારમલભાઈ મિરાણી, સ્વ. કાશીબેન રામજીભાઈ ભારમલભાઈ મિરાણીના ભાણેજ, સ્વ. ચંદનબેન મગનલાલ સુંદરજી મિરાણી, સ્વ. મણિબેન નરભેરામ ગોપાલજી પુજારાના જમાઈ, પ્રવીણાબેન જગદીશભાઈ ઠક્કર, પ્રતિમાબેન રાજુભાઈ, દક્ષાબેન બિપીનભાઈ, કિરણબેન હરેશભાઈ, હીરાબેન મહેશભાઈ, દીપાબેન દિલીપભાઈના નણદોયા, ગીતાબેન ગિરધરલાલ, કંચનબેન ખીમજીભાઈ, દમયંતીબેન ગિરધરભાઈ, પ્રીતિબેન મનોજભાઈના બનેવી, મનસુખલાલ ગોપાલજી પુજારા (ભુજ) (નિવૃત્ત બેંક અધિકારી)ના ભત્રીજા જમાઈ, મંજુલાબેન પ્રવીણભાઈ મિરાણી, ચેતનાબેન વિજયભાઈ પલણના વેવાઈ તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના સોમવારે સાંજે ૫થી ૬ દશનામ ગોસ્વામી સમાજવાડી, રામધૂન મંદિર પાસે, ભુજ ખાતે.

**માંડવી** : મચ્છુ કઠિયા સઈ સુતાર હંસાબેન કાંતિલાલ પરમાર (ઉ.વ. ૭૦) તે સ્વ. કાંતિલાલના પત્ની, સ્વ. પાર્વતીબેન ડાહ્યાલાલ પરમારના પુત્રવધૂ, મમતા, માયા, આશિષ (પપ્પુ)ના માતા, મહેન્દ્રભાઈ પીઠડિયા (સુખપર), નીલેશ પરમાર (અંજાર)ના સાસુ, સ્વ. સરસ્વતીબેન પીઠડિયા (માંડવી), સ્વ. કમળાબેન સોલંકી (રાપર), ગં.સ્વ. બબીબેન રાઠોડ (થરા), ગં.સ્વ. ગૌરીબેન સોલંકી (સુખપર), હેમલતાબેન સોલંકી (મુંદરા), ગં.સ્વ. ભાનુબેન પરમાર (માંડવી), સ્વ. શાન્તાબેન રાઠોડ (સુરત)ના ભાભી, સ્વ. વિનોદભાઈ, પ્રભુલાલભાઈ, સ્વ. રસિકભાઈ, રમેશભાઈના ભાભી, નિશાંત, વિજ્ઞેશના નાની, સ્વ. દેવકરણ રવજી સોલંકી (રાપર)ના પુત્રી, સ્વ. મણિલાલભાઈ (રાપર), રતિલાલભાઈ (ભુજ), હરિલાલભાઈ (ભુજ), શિવલાલભાઈ (અંજાર)ના બહેન તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના સોમવારે સાંજે ૪થી ૫ દરજી સમાજવાડી, નાગનાથ રોડ, માંડવી ખાતે.

**માંડવી** : મૂળ માધવપુર (ઘેડ)ના ધીરજલાલ છગનલાલ ઠક્કર (ઉ.વ. ૭૪) તે સ્વ. રમણિકભાઈ, હરિભાઈ, હેમતભાઈ, વસંતભાઈ, કિશોરભાઈ, અતુલભાઈ, સુશીલાબેન વિનોદરાય મોનાણી, સવિતાબેન પ્રભુદાસભાઈ વાલારીના ભાઈ, અમિતભાઈ, વિજયભાઈ, ચાર્મીબેન હિતેશકુમાર હિડોચાના પિતા, સ્વ. અમૃતલાલ લક્ષ્મીચંદ નથવાણીના જમાઈ તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૧-૪ના સોમવારે બપોરે ૪:૩૦થી ૫ લોહાણા મહાજનવાડી માંડવી ખાતે.

**માંડવી** : ગં.સ્વ. પુષ્પાબેન પ્રતાપસિંહ અદાણી (ઉ.વ.૮૬) ૮૬ તે સ્વ. પ્રતાપસિંહ લક્ષ્મીદાસના પત્ની, સુરેશ, મૃદુલા અનિલ આશર, પંકજ, સ્વ. હિના વિરેન્દ્ર, મુકેશ, નીતા, રાજેશ, જાગૃતિના માતા, રશ્મિ, દીપ્તિ, મીનાના સાસુ તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના સાંજે ૪થી ૫ ભાટિયા મહાજનવાડી પ્રાર્થનાહોલ ખાતે.

**દુર્ગાપુર (તા. માંડવી)** : કુંભાર જાફર ઈસ્માઈલ (ઉ.વ. ૫૨) (લઠેડીવાળા) તે નૂરમામધ, રજાકના પિતા, સલેમાનના ભાઈ તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૨-૪ના મંગળવારે.

**અરલ નાની (તા. નખત્રાણા)** : સોઢા જગમાલજી કલજી (ઉ.વ. ૭૦) તે સ્વ. ચેનાજી, રાણાજી (બિબ્બર), સ્વ. સાંગાજી, દીપાજીના ભાઈ, પ્રવીણસિંહ, અમરસિંહના પિતા, છગનસિંહ, ગુલાબસિંહ, પ્રતાપસિંહના કાકા, મહિપતસિંહ, ચાંદુભા, સુરૂભાના મોટાબાપુ, નરપતસિંહ, દશરથસિંહ, મહાવીરસિંહના દાદા, સ્વ. જાડેજા દાનુભા પબાજી (જાડાય)ના બનેવી, જાડેજા સ્વરૂપસિંહ મનુભા (નાના રેહા)ના સસરા, જાડેજા પ્રેમસિંહ ભચાજી (બિબ્બર)ના મામા તા. ૧૫-૪ના અવસાન પામ્યા છે. બારસવિધિ તા. ૨૨-૪ના મંગળવારે, સાદડી ક્ષત્રિય રાજપૂત સમાજવાડી, નાની અરલ ખાતે.

**કોટડા-જ. (તા. નખત્રાણા)** :ખીમજીભાઈ હમીરભાઈ જેપાર (ઉ.વ. ૬૫) તે કુંવરબાઈના પતિ, જેઠાભાઈ ખીમાભાઈ સીજુ (વરાડિયા)ના જમાઈ, હરજીભાઈ સીજુ, કમાભાઈ નાથાભાઈ જેપાર (વરમસેડા), ખેતબાઈ નાનજીભાઈ મેરિયા (કોઠારા), કાનબાઈ રામજી પરગડુ (કોઠારા)ના બનેવી, પાલાભાઈ, ભરતભાઈ સીજુના ફુવા, સ્વ. ખજુરભાઈ, રામીબાઈ સામતભાઈ સીજુ, દીપ, અરજણભાઈ, મોહનભાઈ, નાનજીભાઈ, ભવાનભાઈ, હીરબાઈ પાલાભાઈ ભધરૂ (ઝુરા), ચંપાબાઈ બાબુભાઈ બુચિયા (નરેડી)ના પિતા, રોશની, મીત, શૌર્ય, પરીબેનના દાદા, મણિલાલ ખજુરભાઈ જેપાર, વનિતાબેન વેલજી ગોરડિયા (ગઢશીશા), જવીબેન કાનજી ગોરડિયા (રાજપર), રમેશભાઈ દામજીભાઈના કાકા, વનિતાબેન બાબુભાઈ પાયણ (દેવીસર), કાનજીભાઈ, હરેશભાઈના મોટાબાપુ, વિશ્રામભાઈ, સુમારભાઈ, શિવજીભાઈ, જીવણભાઈના કાકાઈ ભાઈ તા. ૧૬-૪ના અવસાન પામ્યા છે. બારસ તા. ૨૧-૪ના સોમવારે સાંજે કોઠ તથા તા. ૨૨-૪ના મંગળવારે સવારે ઘડાઢોળ નિવાસસ્થાને.

**નખત્રાણા** : કૃપાલી તુલસીદાસ ધનાણી (ઉ.વ. ૨૪) તે તુલસીદાસ અને હેમલતાબેન ધનાણીના પુત્રી, મોહનભાઈ જેન્તીભાઈ ધનાણીના મોટા બાપાના પુત્રી, રૂપેશ, ટ્વિંકલબેન (બ્રહ્માકુમારી), ઈશ્વર, લીલાબેન (ગોવા), ચંદ્રિકાબેન (મુંબઈ), યજ્ઞેશ, હેમંતના બહેન, યુક્તિ, જીયા, કૃતિકા, હેમ, રિવાના ફઈ તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. સાદડી (બેસણું) તા. ૨૨-૪ના મંગળવારે સવારે ૮થી ૧૦ અને બપોરે ૩થી ૫ સત્યનારાયણ સમાજવાડી, જૂના પોલીસ સ્ટેશનની બાજુમાં, નખત્રાણા ખાતે. (સાદડી - બેસણાનો પ્રસંગ ઘરે સદંતર બંધ છે).

## સેવી ઇન્ટરનેશનલ ગ્રુપ ઓફ સ્કૂલ્સ : માત્ર શિક્ષણ જ નહીં, ભવિષ્યનું ઘડતર





**અત્યાધુનિક માળખાગત સુવિધાઓ, પ્રગતિશીલ શિક્ષણ પદ્ધતિઓ, નવીનતા અને પ્રામાણિકતાને પ્રોત્સાહન આપતા જીવંત વાતાવરણ સાથે, સેવી ઇન્ટરનેશનલ ગ્રુપ ઓફ સ્કૂલ્સ ઉજ્જવળ ભવિષ્ય તરફ છે એક ચળવળ**

ભુજ : કચ્છના હૃદયમાં, શિક્ષણમાં શ્રેષ્ઠતાનો પર્યાય બની ગયેલું નામ સેવી ઈન્ટરનેશનલ ગ્રુપ ઓફ સ્કૂલ્સ છે. તે જિલ્લાની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાંની એક તરીકે ગણવામાં આવે છે. સેવી જૂથ શૈક્ષણિક તેજસ્વીતા, રમતગમતની શ્રેષ્ઠતા અને સર્વાંગી બાળ વિકાસ પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રાધાન્ય આપે છે. સેવી જૂથ બે મુખ્ય સંસ્થાઓ ચલાવે છે. જેમાં સેવી ઈન્ટરનેશનલ સ્કૂલ જે એક સીબીએસઈ સંલગ્ન સંસ્થા છે. જેમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે. સેવી જુનિયર્સ એક મોન્ટેસરી-આધારિત પ્રિસ્કુલ છે. જેમાં ૧૫૦૦ થી વધુ નાના ભૂલકાઓને સર્જનાત્મકતા વિકસાવતું બુનિયાદી શિક્ષણ અપાય છે. બાળકોણી સંભાળ સાથે તેમનામાં જિજ્ઞાસાવૃત્તિ કેળવાય તે રીતે બુનિયાદી શિક્ષણ સાથે ઉછેર કરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્ર હોય કે રમતગમત, સેવીના વિદ્યાર્થીઓ સતત આગળ રહે છે અને દરેક ક્ષેત્રે ટોચના સ્થાનો પ્રાપ્ત કરે છે. પોતાની ગૌરવશાળી સિદ્ધિથી શાળા અને કચ્છ જિલ્લાને ગૌરવ અપાવે છે. શાળાનું દૂરંદેશી નેતૃત્વ, લાયક ફેકલ્ટી અને ભવિષ્ય-કેન્દ્રિત અભિગમ યુવા મનનું યોગ્ય ઘડતર કરી ભાવિ સક્ષમ નાગરિકોને તૈયાર કરી રહ્યા છે.

"સેવી ખાતે અમે જે પણ નિર્ણય લઈએ છીએ તે એક મુખ્ય માન્યતા દ્વારા સંચાલિત થાય છે - બાળકો પહેલા આવે છે. અમારી આખી સિસ્ટમ તેમની જરૂરિયાતો, સંભાવના અને સુખાકારીની આસપાસ રચાયેલ છે," તેવું શાળાના સંચાલક કહે છે.શાળા સંકુલમાં અત્યાધુનિક માળખાગત સુવિધાઓ, પ્રગતિશીલ શિક્ષણ પદ્ધતિઓ, નવીનતા અને પ્રામાણિકતાને પ્રોત્સાહન આપતા જીવંત વાતાવરણ સાથે, સેવી ઈન્ટરનેશનલ ગ્રુપ ઓફ સ્કૂલ્સ માત્ર એક સંસ્થા નથી પરંતુ તે ઉજ્જવળ ભવિષ્ય તરફ એક ચળવળ છે.

**A.I. અને રોબોટિક્સ જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને**

## શિણાયની સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલમાં યોજાયેલા પ્રદર્શનમાં ૨૩૫ પ્રોજેક્ટ રજૂ થયા


**પ્રદર્શનમાં વાલીઓ અને શુભચિંતકો સાથેનો વાર્તાલાપ વિદ્યાર્થીની પ્રગતિનો મુખ્ય હેતુ બની રહ્યો**

ગાંધીધામ : ૨૫મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ-શિણાય (ICSE)માં યોજાયેલા પ્રદર્શનમાં અંદાજે ૨૩૫ પ્રોજેક્ટ રજૂ થયા, જ્યાં વિદ્યાર્થીઓએ માત્ર પ્રોજેક્ટ બનાવ્યા જ ન હતા, પરંતુ રમતો, નાટક, વાર્તાઓ અને ગીતો દ્વારા પ્રોજેક્ટના વિષયની વ્યાખ્યા પણ ઊંડાણપૂર્વક સમજાવી હતી.

આ પ્રદર્શનમાં A.I. અને રોબોટિક્સ, ઐતિહાસિક ઘટનાઓના મોડલ, સાહિત્યિક રચનાઓ, ગણિત, અંગ્રેજી, હિન્દી, જીવવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ચિત્રકળા, કલે મોડલિંગ, સંસ્કૃત, ગુજરાતી, ફોનેટિક્સ, ઈતિહાસ, કોમ્પ્યૂટર, પર્યાવરણ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રમતગમત અને કલાત્મક પ્રદર્શનો દ્વારા શાળાના એકથી દસમા ધોરણના વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિષય પર ઊંડાણપૂર્વકની સમજ પૂરી પાડવાનો અને તેમની વિચારશક્તિ તેમજ સંશોધન ક્ષમતા વિકસાવવાનો હતો. વિજ્ઞાન પ્રયોગોમાં Artificial intelligence આધારિત મોડલ અને શૈક્ષણિક રમતો પ્રદર્શનના મુખ્ય આકર્ષણ બની રહ્યા. પ્રદર્શનમાં ટોચના પ્રોજેક્ટમાં રસપ્રદ શૈક્ષણિક રમતો, નાટકો અને રચનાત્મક કળાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પ્રદર્શનમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ તેમનાં પ્રોજેક્ટ્સને વાલીગણ અને અન્ય મહેમાનો સાથે ચર્ચા કરીને સમજાવ્યા.આ પ્રદર્શનમાં આસપાસની શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આવેલ શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પ્રદર્શનની ઉત્કૃષ્ટતા અને વિદ્યાર્થીઓના પ્રયત્નોની ખૂબ પ્રશંસા કરી હતી. દરેક વિદ્યાર્થીઓએ વિષયના પસંદગીથી પ્રોજેક્ટના નિર્માણ સુધીના દરેક તબક્કે તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મહેનત કરી હતી.

વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સમાં વિશિષ્ટ કૃતિ રજૂ કરી, જેમાંArtificial intelligence પર આધારિત શૈક્ષણિક રમતો અને નવીન શોધોનો સમાવેશ હતો. પ્રદર્શનમાં સમાવાયેલ વાર્તાઓ અને નાટકો દ્વારા વિદ્યાર્થીઓએ તેમના પ્રોજેક્ટ્સને વધુ જીવંત બનાવ્યા હતા.

આ પ્રદર્શનમાં વાલીઓ અને શુભચિંતકો સાથેનો વાર્તાલાપ વિદ્યાર્થીના પ્રગતિનો મુખ્ય હેતુ બની રહ્યો. શાળા માટે આ પ્રદર્શન માત્ર શૈક્ષણિક પ્રગતિનો નમૂનો ન હતું, પણ વિદ્યાર્થીઓના સર્જનાત્મકતા અને શાળાના શૈક્ષણિક મૂલ્યોનું પ્રતિબિંબ પણ સાબિત થયું. આ પ્રદર્શનની સફળતા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંયુક્ત મહેનતનું પ્રતિબિંબ છે, જે શાળાના ગૌરવને વધુ મજબૂત બનાવે છે.



# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 2 | | | 5 | | 4 |
| | 7 | | | | | | | |
| | | 9 | | 5 | 6 | | 1 | 2 |
| | | | 3 | 1 | 5 | | | 7 |
| | | | | 8 | | | | |
| 9 | | | 6 | 2 | 4 | | | |
| 4 | 3 | | 9 | 6 | | 8 | | |
| | | | | | | | 4 | |
| 5 | | 6 | | | 2 | | 9 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 7 | 9 | 4 | 1 | 8 | 5 | 6 |
| 4 | 1 | 9 | 5 | 6 | 8 | 3 | 7 | 2 |
| 6 | 8 | 5 | 2 | 3 | 7 | 4 | 1 | 9 |
| 2 | 6 | 1 | 7 | 5 | 4 | 9 | 3 | 8 |
| 9 | 7 | 4 | 6 | 8 | 3 | 1 | 2 | 5 |
| 5 | 3 | 8 | 1 | 9 | 2 | 6 | 4 | 7 |
| 8 | 5 | 2 | 3 | 1 | 9 | 7 | 6 | 4 |
| 7 | 4 | 3 | 8 | 2 | 6 | 5 | 9 | 1 |
| 1 | 9 | 6 | 4 | 7 | 5 | 2 | 8 | 3 |

## કચ્છનોંધ

**કવીઓ જૈન મહાજન ભુજ**

● કવીઓ જૈન મહાજન ભુજ સંચાલીત રતનશી ટોકરશી વોરા મેડીકલ ચેકઅપ ભુજ મધ્યે ડૉક્ટરો પોતાની સેવા રાહતદરે આપશે. જેમાં ડૉ.ફાલ્ગુનીબેન મહેતા (દંતરોગના નિષ્ણાંત) સોમવાર થી શનિવાર સવારે ૯ :૩૦ થી ૧૨:૩૦, ડૉ.નીક્કી જોષી (દંતરોગના નિષ્ણાંત) સોમવાર થી શનિવાર સાંજે ૪ :૩૦ થી ૭:૩૦ વાગ્યા દરમિયાન દાંતની તમામ પ્રકારની સારવાર રાહતદરે કરી આપવામાં આવશે. ડૉ. અશોકભાઈ ત્રિવેદી (હોમિયોપેથીક) સોમવાર થી શનિવાર સાંજે ૭:૩૦ થી ૮:૩૦ અને ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તાર માટે વિના મુલ્યે મોક્ષવાહિની સેવા મેળવવા માટે ૯૭૨૬૨૫૫૩૧૮ નંબર પર સંપર્ક કરવો.

**તાનારીરી મહિલા મંડળ**

● કચ્છના રાજવી પરિવારના મોભી મહારાણી પ્રીતિદેવી સાહેબા ઓફ કચ્છનો તા. ૨૪-૪ના જન્મદિવસે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરાશે.

## રત્નકણિકા

**મનુષ્ય નિત્ય જેવા પ્રયત્નો કરે, જેવા વિચાર કરે, જેવું આચરણ કરે, તેવો તે થઇ જાય છે.- યોગવશિષ્ઠ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. આદર-૧૩૯૪, મુ. શવ્વાલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ચૈત્ર વદ-૮, તા.૨૧ એપ્રિલ ૨૦૨૫, સોમવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૨૨, ઉત્તરાષાઢા નક્ષત્ર, સાધ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૭, સૂ.અ.૭:૧૩

આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

## આપનું અઠવાડીયું કેવું જશે..?

**કનકચંદ્ર સી. વ્યાસ**

મેષ :આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.

વૃષભ : આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

મિથુન : આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

કર્ક : આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

સિંહ : આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

કન્યા : આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

તુલા : આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

ધન : આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

મકર : આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

કુંભ : આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુ:ખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

મીન : આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

# વિદ્યાર્થીઓના ભવિષ્યનું ઘડતર કરતી આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ શાળા





મુન્દ્રા : તાલુકામાં શિક્ષણની જ્યોત જલાવનાર આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના ૧૯૦૮માં કરવામાં આવી હતી. શરૂઆતમાં શાળામાં ધોરણ એક અને બે જ કાર્યરત કરાયા હતા. આ શાળાના સ્થાપક મોટી ખાખરના શેઠ રણશીભાઈ દેવરાજ ઉપરાંત અન્ય એક શિક્ષણપ્રેમી દાતા રહ્યા હતા. આ ટ્રસ્ટ એક નાનકડા બીજમાંથી અંકુર સ્વરૂપે સ્ફુરીત થઈ આજે વટવૃક્ષ બની અનેક વિદ્યાર્થીઓને શિક્ષણરૂપી છાયા આપી રહ્યો છે.આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ શાળાનો પ્રારંભ ધો.૧માં ૧૯ તથા ધો.૨માં ફક્ત ૧૫ વિદ્યાર્થીઓ સાથે થયો હતો. ટ્રસ્ટની શિક્ષણ યાત્રામાં તા. ૨૦-૬-૧૯૬૬માં સી.કે.એમ. ની સ્થાપના, ૧૯૭૪માં પી.ટી.સી. કોલેજ અને તા.૧૫-૬-૧૯૭૦ બી.એડ. નો પ્રારંભ થયો હતો. પીટીસીનું શિક્ષણ મેળવવા સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ અહીં આવતા હતા. ૨૦૦૬માં આર્ટસ-કોમર્સ કોલેજનો શુભારંભ થયો. આજે આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ પ્રગતિના પથ સર કરી અનેક વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી રહ્યો છે.

આ ઐતિહાસિક આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટના હોદેદારો પ્રમુખ ડાયાલાલ ડી. આહિર, માનદમંત્રી કિશોરસિંહ પરમાર, ટ્રસ્ટીગણ કેકીનભાઈ કે. છેડા, લક્ષ્મીચંદભાઈ કેનિયા, રમેશભાઈ આર. છેડા, ભરતભાઈ કે. કેનિયા, મુકેશભાઈ કે. કેનિયા, પ્રકાશભાઈ એચ. શાહ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણની સાથે સંસ્કારોનું પણ સિંચન કરી રહ્યા છે. શાળાના પ્રથમ આચાર્ય પદે સ્વ. પ્રભાશંકર હરિશંકર વ્યાસ તથા પ્રથમ શિક્ષક પદે સ્વ. જદુરામ ખીમજીભાઈ જોષી રહ્યા હતા અને પ્રથમ વિદ્યાર્થી કાયસ્થ વિશનજી ભાણજી રહ્યા હતા. આજે આ શાળા આધુનિકતાની સાથે સાયન્સ લેબ, કોમ્પ્યુટર લેબ તથા સી.સી. કેમેરાથી સજ્જ છે. આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી અનેક ઉચ્ચ હોદ્દાઓ શોભાવી રહ્યા છે. જેમાં કેટલાક ડોક્ટર, વકીલ, એન્જિનીયર, આર્કિટેક્ચર, પોલીસ, આર્મી જેવા ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે અને એક વખત ભેગા થઈ શાળાના જુના સંસ્મરણો વાગોળે છે. આર. ડી. એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ડાયાલાલભાઈ આહિર જણાવે છે કે, ટ્રસ્ટના વિકાસની સાથે શાળા અને વિદ્યાર્થીઓ માટે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. તાલુકાનો ઝડપી વિકાસ થતાં અહીં વિવિધ રાજ્યોના લોકો આવે છે. જે માટે આગળ જતા હિન્દી શાળાનો પ્રારંભ કરવાનો વિચાર તેમણે વ્યક્ત કર્યો હતો.

## મુંદરા તાલુકાની શાન આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ



શ્રી ડાયાલાલ ડી. આહિર (પ્રમુખ)



શ્રી કિશોરસિંહ પરમાર (માનદ મંત્રી)



શ્રી સ્નેહલભાઈ વ્યાસ (આચાર્ય)



**ટ્રસ્ટીગણ**

શ્રી કેકીનભાઈ કે. છેડા | શ્રી રમેશભાઈ આર. છેડા | શ્રી મુકેશભાઈ કે. કેનિયા
શ્રી લક્ષ્મીચંદભાઈ કેનિયા | શ્રી ભરતભાઈ કે. કેનિયા | શ્રી પ્રકાશભાઈ એચ. શાહ

તમારા બાળકો નો ઉજવળ ભવિષ્ય માટે આર. ડી. એજ્યુકેશન સ્કૂલમાં પ્રવેશ મેળવો અને તમારા બાળકો ભવિષ્ય ના ચિંતા મૂકી દો એ અમારી જવાબદારી આ સ્કૂલ માં **પ્રથમ આચાર્ય સ્વ. પ્રભાશંકર હરીશંકર વ્યાસ** અને **પ્રથમ શિક્ષક પદે સ્વ. જદુરામ ખીમજીભાઈ જોષી** રહ્યા હતા અને **પ્રથમ વિદ્યાર્થી કાયસ્થ વિશનજી ભાણજી** રહ્યાં હતા આજે આ સ્કૂલમાં સાયન્સ લેબ, કોમ્પ્યુટર લેબ, તથા CC કેમેરા થી સજ્જ છે.

આજના સમયમાં શિક્ષણ ક્ષેત્રે આર. ડી. એજ્યુકેશન સ્કૂલમાં વિદ્યાર્થીઓ મન પૂર્વક ભણી આગળ વધી રહ્યાં છે, તો અગાઉ અહી ભણીને સારામાં સારા બીજનેશમેન, ડૉક્ટર, વકીલ, આર્ટિટિકચર, પોલીસ, આર્મી જેવા ઉચ્ચ હોદા પર કાર્યરત છે. અને પોતાની સ્કુલ માટે ફૂટી ફૂટી એક વખત ભેગા થઈ સ્મરણો વર્ણવે છે.


આજે આર. ડી. એજ્યુકેશન સ્કૂલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ડાયાલાલભાઈ આહિર જણાવે છે કે હજી ગણું કામ કરવું છે. મુંદરા તાલુકા ના ઝડપી વિકાસ થતા અહીં વિવિધ રાજ્યો ના લોકો આવે છે. જે માટે આગળ જતા અમો હિંદી સ્કુલ પણ બનાવવાનું વિચારી રહ્યાં છીએ. મુન્દ્રા તાલુકાની શિક્ષણ જ્યોત જલાવી આર. ડી. એજ્યુકેશન સ્કૂલ ટ્રસ્ટની સ્થાપના ૧૯૦૮ માં પહેલા, બીજા, ધોરણ થી કરવામાં આવ્યું હતી. જેના સ્થાપક મોટી ખાખરના શેઠશ્રી રણશીભાઈ દેવરાજભાઈ તથા અન્ય જે પોતાનું નામ નથી આપ્યું.

એક નાનકડા બીજમાં થી આજે અનેક વિભાગોથી વિભાજિત થયેલ આ સંસ્થા બહુ આગળ વધી રહ્યું છે. આર. ડી. એજ્યુકેશન સ્કૂલ ના ધોરણ ૧ માં ૧૧ તથા ધોરણ ૨ માં ૧૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ યાત્રામાં C.K.M ના સ્થાપના ૨૦/૦૬/૧૯૬૬ માં થઈ તથા પ્રગતિ પંથ પર P.T.C કૉલેજ ૧૯૭૪, તથા B.A.D ૧૫/૦૬/૧૯૭૦ થી પ્રગતિ થતા P.T C. માટે આખા ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ આવે છે. ૨૦૦૬ માં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું શુભારંભ થયુ હતું. આજે આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ વધુમાં વધુ પ્રગતિના પથ સર કરી વિદ્યાર્થીનો જીવન શ્રેષ્ઠ બનાવે છે.

### હાલના સમયમાં નક્કી કરેલા લક્ષ્યને પ્રાપ્ત કરવા શિક્ષણ અતિ મહત્વનો ભાગ

# વિદ્યાર્થીઓના ભવિષ્યનું નવનિર્માણ કરતી આદિપુરની લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ

ગાંધીધામ : હાલના સમયમાં સારું શિક્ષણ પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી છે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ શિક્ષણ દ્વારા થાય છે. શિક્ષણ હોય તો ગમે તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. આજના યુગમાં નક્કી કરેલા લક્ષ્યને પ્રાપ્ત કરવા શિક્ષણ ખૂબ જ જરૂરી છે. શિક્ષણ સભ્ય સમાજની અનિવાર્ય જરૂરિયાત છે જે સર્વાંગી વિકાસની પક્રિયા છે. આ વિચારની સાથે ચાલતું વિદ્યાનું મંદિર એટલે આદિપુરની લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ જે શરૂઆતથી લઈને અત્યાર સુધી અવિરતપણે સામાજિક ક્ષેત્રે પોતાની વિશિષ્ટ સેવા પ્રદાન કરે છે.લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલની સ્થાપના તુલસીદાસ કલવાની અને માલા કલવાની દ્વારા કરવામાં આવી હતી. આદિપુર - ગાંધીધામ વિસ્તારમાં મધ્યમવર્ગીય બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી જી.પી.સોશિયલ ટ્રસ્ટની સ્થાપના કરીને લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલની શરૂઆત કરવામાં આવી. શરૂઆત માત્ર નર્સરીથી કરવામાં આવી હતી, જેમાં આજે પ્લે હાઉસથી ધોરણ ૧૨ સુધીના વર્ગો ફળતાપૂર્વક કાર્યરત છે. બાળકોને સારું શિક્ષણ આપવાના ઉત્તમ હેતુને લઈને ચાલતી આ શાળામાં પ્રવેશ સમયે કોઈપણ પ્રકારનું ડોનેશન લેવામાં આવતું નથી, માત્ર નજીવી ફી સાથે બાળકોને મૂળભૂત સુવિધાઓ સાથે ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે અને બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. આ સાથે સરકારના નિયમો સહિત આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા પણ અહીં ઉપલબ્ધ છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળામાં અનેક પ્રકારની સુવિધાઓ છે, જેમાં પ્રાકૃતિક વાતાવરણ સાથે અદ્યતન વિશાળ ભવન તેમજ મેદાન છે. સાથે કોમ્પ્યૂટર રૂમ, લાઈબ્રેરી, સાયન્સ લેબોરેટરી, ઓડિયો-વિઝ્યુઅલ રૂમ, વિશાળ ખેલનું મેદાન, રમતગમતનાં વિવિધ સાધનો સાથેનો સ્પોર્ટ્સ રૂમ, નૃત્ય રૂમ, સંગીત રૂમ તેમજ સ્માર્ટ બોર્ડ સુવિધા દ્વારા બાળકોને અભ્યાસ કરાવવામાં આવે છે. સાથે સાથે દરેક વર્ગખંડમાં સી.સી.ટી.વી. કેમેરા રાખવામાં આવેલ છે.શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે નિબંધ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટિશન, ડિબેટ, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વિજ્ઞાન અંતર્ગત પ્રવૃત્તિઓ, ગાણિતિક રમતો તેમજ દરેક તહેવારોની ઉજવણી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ સાથે રમત ગમત ક્ષેત્રે પણ શાળા આગવું સ્થાન ધરાવે છે. શાળાના વિશાળ કેમ્પસમાં ફૂટબોલ, ક્રિકેટ, ખો-ખો, વોલીબોલ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ આવેલા છે. તો ઈન્ડોર ગેમ માટે કેરમ, ટેબલ ટેનિસ, ચેસ જેવી રમતો માટે શાળા સુસજ્જ છે. શાળાના વિદ્યાર્થીઓએ પોતાની આગવી પ્રતિભા સાથે સ્પોર્ટ્સ શિક્ષક દ્વારા તાલીમ લઈને રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત શાસ્ત્રીય નૃત્ય, વેસ્ટર્ન નૃત્ય, ચિત્રકામ, સંગીતમાં ગાયન-વાદન સહિતની પ્રવૃત્તિઓ નિષ્ણાત શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે.ચારિત્ર્ય નિર્માણ સાથે સામાજિક ક્ષેત્રે ભાવિ નાગરિકોનું ભાવિ ઘડતર કરવાના હેતુથી શૈક્ષણિક ક્ષેત્રે સેવાયજ્ઞ ચલાવતી લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ આદિપુર પોતાનું આગવું સ્થાન ધરાવે છે. શાળામાં પ્લે હાઉસથી ધોરણ ૧૨ સુધીના વર્ગો બાળકોના સર્વાંગી વિકાસ સુંદર રીતે ચાલે છે. શાળાનાં ટ્રસ્ટીઓ, શાળાના આચાર્ય, દરેક શિક્ષકગણ તેમજ સંપૂર્ણ સ્ટાફના સમર્પણ ભાવનાયક પરિશ્રમથી શાળાનો વિકાસ થઈ રહ્યું છે.




# વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેની નેમ ધરાવતી એક્સેલસિયર મોડેલ સ્કૂલ

## વિદ્યાર્થીને દેશનો શ્રેષ્ઠ નાગરિક બનાવવાની નેમ ધરાવતી આદિપુરની શાળા





આદિપુર : વિદ્યાર્થીને દેશનો શ્રેષ્ઠ નાગરિક બનાવવા તથા તેના સર્વાંગી વિકાસ માટેની નેમ ધરાવતી આદિપુરની એક્સેલસિયર મોડેલ સ્કૂલનો આજે ડંકો વાગે છે. આ શાળાની ખાસ વિશેષતા એ છે કે આ શાળા સેકન્ડ હોમ તરીકે પ્રચલિત થઈ છે. અહી પ્રિ-નર્સરીથી ૧૨ ધોરણ સુધી શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં બાળકોને એસી કલાસ રૂમ, યોગા કલાસીસ, આધુનિક લાયબ્રેરી, ઈન્ડોર અને આઉટ ડોર ગેમ્સ, મ્યુઝિક કલાસીસ, સાયન્સ લેબ, ઈકો કલબ તેમજ બસ સહિતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શાળાની કેટલીક ઉપલબ્ધિઓ સંદર્ભે વાત કરીએ તો એક્સેલસિયર મોડેલ સ્કૂલના આચાર્યા હર્ષાબેન મહેતાએ વર્ષ ૧૯૮૫થી બાળકોના અભ્યાસ માટે સતત જાગૃત રહી કાર્ય કરેલ છે. રોટરી ક્લબ આદિપુર - જીએનએસઈ દ્વારા તેમને લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

બીજી તરફ શાળાના વિદ્યાર્થીઓએ પણ અનેરી સિદ્ધિઓ હાંસિલ કરી છે, જેમાં ધોરણ ૪ની હેત્વી જેઠવાએ સંસ્કૃત શ્લોક ઓલિમ્પિયાડમાં નેશનલ લેવલે શ્લોકાચાર્યનું બિરૂદ મેળવેલ છે તથા ધોરણ ૨માં ભણતી હિરાબા જાડેજાએ રાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશીપમાં દિલ્હી ખાતે ભાગ લીધો છે. ધોરણ ૮ની વિદ્યાર્થિની પ્રાચી પરમારે રાષ્ટ્રીય કક્ષાએ ઈન્ડિયન મેટ્રોલોજી ડિપાર્ટમેન્ટ (આઈએમડી) દ્વારા ૧૫૦ વર્ષ ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય કક્ષાની ક્વિઝ કોમ્પિટીશનમાં ભાગ લઈ ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરેલ છે, જે શાળા માટે ખૂબજ ગૌરવની વાત છે.




### વિદ્યાર્થીના સપનાને સાકાર કરવા માટે શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા

# SRK ઇન્સ્ટિટયૂટ એટલે વિદ્યાર્થીના ભવિષ્યની ઉચ્ચત્તમ શરૂઆત

## હોસ્ટેલ, ટ્રાન્સપોર્ટેશન સહિત પ્લેસમેન્ટની સુવિધા ધરાવતું શૈક્ષણિક સંકુલ

ગાંધીધામ: શિક્ષણ એ માત્ર ડિગ્રી મેળવવાનું માધ્યમ નથી, પરંતુ એ ભવિષ્યના નિર્માણનો એક સશક્ત રસ્તો છે. રાજ્યમાં શિક્ષણની એક ઉત્તમ સંસ્થા તરીકે SRK ઇન્સ્ટિટ્યૂટ ઉદભવ્યું છે, જે વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે સંપૂર્ણપણે તૈયાર કરે છે. SRK ઇન્સ્ટિટ્યૂટ વિદ્યાર્થીઓ માટે એક આયોજનબદ્ધ શિક્ષણ મેળવવા માટે મહત્ત્વનું પ્લેટફોર્મ બની ગયું છે, જે તેમને માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં પરંતુ આજના યુગ માટે જરૂરી નવીન કૌશલ્ય પણ પ્રદાન કરે છે. SRK ઇન્સ્ટિટ્યૂટમાં વિદ્યાર્થીને એકંદર વિકાસ માટે વિવિધ અભ્યાસક્રમો આપવામાં આવે છે, જેમાં BBA, BCA, MBA અને MLWનો સમાવેશ થાય છે. આ કોર્સ વિદ્યાર્થીઓને માત્ર નોકરી માટે તૈયાર નહીં કરે પણ વિદ્યાર્થીઓને સફળ વ્યવસાયી અને ઉદ્યોગપતિ બનાવવા માટે પણ જરૂરી જ્ઞાન અને કુશળતા પ્રદાન કરે છે.SRK ઇન્સ્ટિટ્યૂટ માત્ર શૈક્ષણિક પાઠયક્રમ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વિદ્યાર્થીઓમાં આધુનિક યુગ માટે જરૂરી કૌશલ્યો વિકસાવે છે.સંપ્રેક્ષણ કૌશલ્ય : જે એક સફળ કારકિર્દી માટે અસરકારક સંચાર ખૂબ જ જરૂરી છે. લીડરશિપ : મેનેજમેન્ટ ફિલ્ડમાં નેતૃત્વ ક્ષમતા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ટેકનોલોજી અને AI : જે આજના SRK ઇન્સ્ટિટ્યુટ માત્ર શિક્ષણ પૂરતું મર્યાદિત નથી, પણ



વિદ્યાર્થીઓ માટે વિશ્વ-સ્તરીય સુવિધાઓ પણ પ્રદાન કરે છે અનુભવી અને નિષ્ણાત શિક્ષકો દરેક વિષયના નિષ્ણાત પ્રોફેસરો દ્વારા માર્ગદર્શન સુવિધાયુક્ત હોસ્ટેલ (છોકરીઓ અને છોકરાઓ માટે અલગ)ડિજિટલ યુગમાં ટેક્નોલોજીની સમજૂતી અનિવાર્ય છે. સસ્ટેનેબિલિટી અને નેચર : જે ભવિષ્ય માટે ટકાઉ વિકાસની સમજદારી ધરાવવી અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

SRK ઈન્સ્ટિટ્યૂટ માત્ર અભ્યાસનું કેન્દ્ર નથી, પણ તે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરક માળખું છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માત્ર એકેડમીક રીતે આગળ નથી વધતા, પણ તેઓ નીતિગત, પ્રેક્ટિકલ અને વ્યવસાયિક કુશળતા પણ પ્રાપ્ત કરે છે. વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાઓ માટે SRK ઈન્સ્ટિટ્યૂટ શ્રેષ્ઠ શૈક્ષણિક પસંદગી છે. તમારા સપનાને સાકાર કરવાના માર્ગ પર SRK ઈન્સ્ટિટટ્યૂટ એક મજબૂત પાયો પૂરો પાડશે.



# ગોવાથી ગાંધીધામ આવી રહેલો ૭૦.૫ લાખનો શરાબ ઝડપાયો

## એસએમસીએ નર્મદા બ્રિજ ટોલ પ્લાઝા નજીક ઘેટાના ઉનની આડમાં ઘૂસાડાતી ૭,૮૯૬ દારૂની બોટલો જપ્ત કરી : દારૂ મોકલતા, મંગાવનાર સહિત ચાર શખ્સો સામે નોંધાયો ગુનો



ગાંધીધામ : ગોવાથી ગાંધીધામ આવી રહેલા લાખોનો દારૂ સ્ટેટ મોનિટરિંગ સેલે ઝડપી પાડયો હતો. એસએમસીએ ભરૂચ જિલ્લામાં નર્મદા બ્રિજ ટોલ પ્લાઝા નજીક ૭૦.૫ લાખ રૂપિયાની કિંમતની ૭,૮૯૬ દારૂની બોટલો જપ્ત કરી હતી. પોલીસે માલ લઈ જતી ટ્રકના ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

એસએમસી પોલીસને બાતમી મળી હતી કે આરજે-૨૭-જીબી ૨૮૫૫ નંબર પ્લેટવાળી ટ્રક દારૂ લઈ જઈ રહી છે. એસએમસીની ટીમ નર્મદા બ્રિજ ટોલ પ્લાઝા નજીક પહોંચી અને જ્યારે ટ્રક તેની નજીક આવી ત્યારે તેમણે તેને રોકી હતી. ટ્રક ગાંધીધામ જઈ રહી હતી અને દારૂની બોટલો ગોવામાં લોડ કરવામાં આવી હતી. ડ્રાઈવર પોલીસ અને અન્ય એજન્સીઓને છેતરવા માટે નકલી ઈ-વે બિલ લઈ જઈ રહ્યો હતો. તપાસ કરતા ડ્રાઈવર પિન્ટુ રાવતે પોલીસને જણાવ્યું કે તે 'ઘેટાનું ઊન' લઈ જઈ રહ્યો હતો. તેણે એક નકલી ઈ-વે બિલ પણ બનાવ્યું જેમાં લખ્યું હતું કે મેંગલોર સ્થિત એશિયન એન્ટરપ્રાઈઝ ગાંધીધામ સ્થિત 'કચ્છી ઊનની દુકાન' માટે 'ઊન' સપ્લાય કરે છે. જોકે, ટ્રકના ઉપરના ભાગમાં ફક્ત ૩૯ થેલી ઊન મળી જ્યારે દારૂની બોટલો આ ઊનની થેલીઓ નીચે છુપાયેલી હતી. જેથી પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી અને ચાર અન્ય લોકો સામે ગુનો નોંધ્યો હતો તેવું એસએમસીના ડીવાયએસપી કે. ટી. કામરિયાએ જણાવ્યું. દારૂની બોટલોમાં મોટાભાગે વોડકા અને બીયર મળી આવ્યો હતો. એસએમસીએ દારૂ મોકલનાર, મંગાવનાર, ટ્રક માલિક સહિત ચાર સામે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દારૂબંધી કાયદાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

## કંડલામાં બિહારના યુવાને આપઘાત કર્યો

ગાંધીધામ : તાલુકાના કંડલા પોર્ટમાં રિસીશીપીંગ કંપનીના ટગમાં બિહારના યુવકે આપઘાત કર્યો હતો. આ બાબતે મળતી વિગતો મુજબ ૨૧ વર્ષિય સુરજકુમાર ક્રિષ્નરાય નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર ટગમાં ફાંસો ખાઈ લીધો હતો. જે બાબતે કંડલા મરીન પોલીસે એડી દાખલ કરી તપાસના ચક્રોગતિમાન બનાવ્યા છે.


## ટાંકણાસર અને કોટડા મઢમાં મારામારી કરાઈ

ભુજ : તાલુકાના ટાંકણાસર ગામે કુહાડી વડે હુમલો કરાયો હતો. ફરિયાદી મામદ ઉમર જતના જણાવ્યા પ્રમાણે આરોપી ખમીસા આમદ જત, સુમાર મામદ જત, મામદ મીઠુ જત અને મીઠુ મામદ જતે ફરિયાદીને ધકબુશટનો મારમારી કુહાડી વડે હુમલો કર્યો હતો. આ તરફ લખપત તાલુકાના કોટડા મઢ ગામે મારામારી થઈ હતી. ફરિયાદી ઈબ્રાહીમ મામદ રાયમાના જણાવ્યા પ્રમાણે આરોપી જુણસ ઈશાક રાયમા અને ઈરફાન ઈશાક રાયમાએ ફરિયાદીના નાના ભાઈ સાથે ઝઘડો કર્યો હોઈ તે બાબતનું મનદુ:ખ રાખી ફરિયાદીએ ઠપકો આપતા આરોપીઓએ ગાળો આપી લાકડી વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેથી દયાપર પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.










## પૂર્વ કચ્છમાં તસ્કરો બેફામ બન્યા : મેઘપર બોરીચીમાં ઘરમાંથી ૨ લાખના દાગીના ચોરાયા

અંજાર : તાલુકાના મેઘપર બોરીચી ખાતે આવેલ આહિરવાસમાં રહેણાક મકાનમાંથી ૨ લાખના દાગીના ચોરાયા હતા. આ બાબતે અંજાર પોલીસમાંથી મળતી વિગતો મુજબ આહિર વાસમાં આવેલા ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરીને ઘરના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી સોના ચાંદીના દાગીનાની ચોરી કરવામાં આવી હતી. ગણતરી કરતાં કુલ ૧,૯૯,૫૦૦ના દાગીનાની ચોરી થઈ હતી. આ બાબતે અંજાર પોલીસમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. મહત્વની બાબત એ છે કે, પૂર્વ કચ્છમાં ખાસ કરીને રહેણાક હબ બનેલા વરસામેડી, મેઘપર બરોચી, મેઘપર કુંભારડી, અંતરજાળ, શિણાય સહિતના વિસ્તારોમાં ચોરીની ઘટનાઓ વધી છે ત્યારે ગામે ગામ પોલીસ ચોકી ચાલુ કરવી અનિવાર્ય છે.

